આજનો સુવિચાર
મૂળ વગરના વૃક્ષ અને વિશ્વાસ વગરના સબંધ, વધુ સમય ટકતા નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૨ જૂનાગઢ તા.૦૩-૦૭-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 172, Junagadh : Date : 03 July, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# હાથરસ દુર્ઘટનાનો મૃત્યુઆંક ૧૩૪ : બાબા ફરાર : મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો



## યુપી પોલીસે દુર્ઘટનામાં મુખ્ય સેવક દેવપ્રકાશ સહિતનાં સેવાદારો વિરૂધ્ધ ફરીયાદ નોંધી : ભોલેબાબાનું નામ એફઆઈઆરમાંથી ગાયબ

નવી દિલ્હી/હાથરસ તા. ૩
ઉત્તરપ્રદેશનાં હાથરસ નજીક ગઈકાલે સાંજે ભોલેબાબા ઉર્ફે નારાયણ સાકારનાં સત્સંગ દરમ્યાન ભારે ભાગદોડ મચી જતાં સર્જાયેલી કરૂણાંતિકાથી દેશભરમાં હાહાકાર મચી ગયો છે. હાથરસ દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને ૧૩૪ થઈ ગયો છે. જો કે આ આંકડાની હજુ સત્તાવાર પુષ્ટી થઈ નથી. બીજી તરફ હાથરસ દુર્ઘટના માટે જવાબદાર મનાતો ભોલેબાબા ઉર્ફે નારાયણ સાકાર ફરાર થઈ ગયો છે. જેને ઝડપી લેવા માટે યુપી પોલીસ ઠેરઠેર દરોડા પાડી રહી છે. બીજી તરફ હાથરસ દુર્ઘટનામાં પીડિતો અને મૃતકોનાં પરીવાર તરફથી ન્યાયની માંગણી સાથે સુપ્રિમ કોર્ટનાં દ્વાર ખખડાવામાં આવ્યા છે. આમ આ મામલો હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશ પોલીસે આ ઘટનાક્રમમાં પોલીસે ભોલે બાબાના મુખ્ય સેવક કહેવાતા દેવપ્રકાશ મધુકર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા **(BNS)**, ૨૦૨૩ની કલમ ૧૦૫, ૧૧૦, ૧૨૬ (૨), ૨૨૩ અને ૨૩૮ હેઠળ **FIR** નોંધી છે અને તે ધાર્મિક કાર્યક્રમના અન્ય આયોજકો છે.

એટાની પોલીસે જણાવ્યું હતું કે જયારે ભોલે બાબાના સત્સંગ સમાગમનો અંત થઈ રહ્યો હતો ત્યારે બફારો ઘણો હતો. આ સ્થિતિમાં બહાર નીકળવા માટે ભાગદોડ મચી ગઈ હતી. નજરે જોનારાઓના જણાવ્યા મુજબ સત્સંગ પૂરો થયા બાદ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ બાબાના કાફલા પાછળ બાબાની ચરણરજ લેવા માટે દોડયા હતા. ભીડને કાબુમાં કરવા માટે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. જેથી લોકો ભાગવા લાગ્યા હતા અને એકબીજા પર પડવા લાગ્યા હતા અને કચડાવવાથી આટલા બધા મોત થયા હતા.

# રાજયસભામાં વડાપ્રધાનનાં સંબોધન દરમ્યાન વિપક્ષનો વોકઆઉટ

## “વિપક્ષ મેદાન છોડીને ભાગી ગયું - સત્ય સાંભળવાની તાકાત નથી” : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી તા. ૩
રાષ્ટ્રપતિનાં અભિભાષણ સંબોધન પર આભાર પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષને આડેહાથ લીધું હતું અને આકરા પ્રહારો કર્યા હતા. જે દરમ્યાન વિપક્ષનાં સાંસદોએ વડાપ્રધાનનાં સંબોધનનો બહિષ્કાર કરીને વોકઆઉટ કર્યો હતો. વિપક્ષોએ વોકઆઉટ કરતા વડાપ્રધાને કહયું કે, વિપક્ષ જનાદેશને પચાવી શકતો નથી પરંતુ દેશની જનતાને હિસાબ આપવો મારૂ કર્તવ્ય છે. વિપક્ષ સત્યનો મુકાબલો કરાવની તાકાત ધરાવતું નથી તેથી મેદાન છોડીને ભાગી ગયું છે. અમે ગરીબોને પુછીએ પણ છીએ અને પુજીએ પણ છીએ. અમે વોટની રાજનીતિ કરતા નથી. અમારી સરકારનું મંત્ર સબકા સાથ સબકા વિકાસ છે તેમ કહીને વડાપ્રધાને કહયું કે, તેમની સરકારનાં શાસનકાળ દરમ્યાન દેશની અર્થવ્યવસ્થા ટોપ-૧૦માં થી આગળ વધીને ટોપ-૫માં આવી ગઈ છે અને હવે આગામી ટુંક સમયમાં જ વિશ્વનાં ત્રણ ટોચના અર્થતંત્રમાં લઈ જવાના અમારા પ્રયાસો છે.

# શેરબજારે નવો ઈતિહાસ રચ્યો : સેન્સેકસ ૮૦૦૦૦ને પાર

મુંબઈ તા.૩
ભારતીય શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીની દોટ વચ્ચે આજે નવો ઈતિહાસ રચાયો હતો અને બીએસઈના સેન્સેકસ ઈતિહાસમાં પ્રથમ વખત ૮૦ હજારની સપાટીને પાર કરી નવી ઉંચાઈએ પહોંચી ગયો છે.

શેરબજાર છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ નવી નવી ઉંચાઈ સર કરી જ રહ્યું છે અને આજે પણ તેજીનો દોર જારી રહેવા સાથે સેન્સેકસ નવા શિખરે પહોંચ્યો હતો. શેરબજારમાં આજે શરૂઆત જ તેજીના ટોચે થઈ હતી. વિશ્વબજારોમાં પોઝીટીવ ટ્રેન્ડ ઉપરાંત ચોમાસાની સંતોષકારક પ્રગતિ હોય તેમ સમગ્ર દેશને કવર કરી લીધાનો

રિપોર્ટ, ચાલુ માસમાં જાહેર થનારા કંપનીઓના ત્રિમાસિક પરિણામો સારા આવવાના આશાવાદ, જીએસટી કલેકશનમાં સતત વૃદ્ધિ, માસાંતે રજુ થનારા સામાન્ય બજેટમાં શ્રેણીબદ્ધ સુધારાના પગલા આવવાના આશાવાદ સહિતના કારણોથી ટ્રેન્ડ તેજીનો બની ગયો હતો. નાણાં સંસ્થાઓની ધૂમ લેવાલીથી તેજીને ટેકો મળી ગયો હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે શેરબજાર તેજીના જ ઝોનમાં રહ્યું છે. નવા નવા સાનુકુળ કારણોથી તેજીનો દોર આગળ ધપી રહ્યો છે. કોઈ ગંભીર કારણ વિના માર્કેટ પ્રોત્સાહક જ બની રહે તેમ છે. શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ઉછાળો રહ્યો હતો. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતીય એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, સ્ટેટ બેંક જેવા શેરો ઉંચકાયા હતા. રિલાયન્સ, ટીસીએસ, ઈન્ફોસીસ, ટાઈટન જેવા કેટલાક શેરો નબળા હતા.

## અમરનાથ યાત્રાળુઓની બસની બ્રેક ફેઈલ થઈ : ચમત્કારીક બચાવ

શ્રીનગર,તા.૩
સેના, પોલીસ અને ટ્રાફિક પોલીસે રામબન જિલ્લાના નાચિલાના વિસ્તારમાં અમરનાથ યાત્રીઓની બસને ખાઈમાં પડતા બચાવીને મોટી દુર્ઘટના ટાળી હતી. અમરનાથ બાબાના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની બસની બ્રેક નાચિલાના વિસ્તારમાં ફેઈલ થઈ ગઈ હતી.

બસની બ્રેક ફેલ થઈ ગઈ હોવાની જાણ થતાં જ બસમાં મુસાફરી કરી રહેલા શ્રદ્ધાળુઓ ડરી ગયા અને ચીસો પાડવા લાગ્યા.આ દરમિયાન કેટલાક મુસાફરો ચાલતી બસમાંથી નીચે કુદી પડ્યા હતા. જેના કારણે તેઓ ઘાયલ થયા હતા.

બાદમાં આર્મી, પોલીસ અને ટ્રાફિક પોલીસના જવાનોએ બસનો પીછો કર્યો હતો અને બસના આગળના અને પાછળના ટાયર નીચે પથ્થરો મૂકીને તેને રોકી હતી. જો બસ ઉભી ન રહી હોત તો ઉંડી ખાઈમાં પડી હોત જેના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હોત. ઘાયલ થયેલા તમામ મુસાફરો સુરક્ષિત છે અને તેમને આર્મી કેમ્પમાં સારવાર આપવામાં આવી છે. વાહન યાત્રા માટે રજિસ્ટર્ડ થયેલું ન હતું.

## પાણીપુરીમાંથી કેન્સરજન્ય કેમીકલ્સ મળી આવ્યા

બેંગ્લોર, તા.૩
દેશભરમાં પ્રખ્યાત અને મહિલાવર્ગની મનપસંદ વાનગી પાણીપુરીને લઈને કર્ણાટકમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજયના ફૂડ સેફટી અધિકારીઓએ પાણીપુરીના સેમ્પલ એકઠા કર્યા હતા જેમાંથી કેન્સર થાય તેવા કેમિકલ મળી આવ્યા હતા. ૨૨ ટકા સેમ્પલ ફૂડ સેફટીના ધારાધોરણોમાં નિષ્ફળ નિવડયા છે. બજારમાં મળતી પાણીપુરીના કુલ ૨૬૦ સેમ્પલ એકઠા કરવામાં આવ્યા હતા, જેમાં ૪૧ સેમ્પલમાં બનાવટી કલર અને કાર્સિનોજેનિક એજેન્ટ્સ મળી આવ્યા હતા, જ્યારે ૧૮ સેમ્પલ માનવ શરીર માટે હાનિકારક નિકળ્યા હતા. સેમ્પલમાંથી બે જોખમકારક પદાર્થ મળ્યા હતા. જેમાં એક છે કાર્સિનોજેનિક, જેના કારણે કેન્સર થવાની શક્યતાઓ રહે છે. જયારે બીજો પદાર્થ છે આર્ટીફીશીયલ કલર, જેને રોડામાઈન-બી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો ઉપયોગ મંચુરિયન અને કોટન કેન્ડીમાં પણ થતો હોય છે.

# ગુજરાતનાં ૧૦૦૦થી વધુ પ્રોજેકટનાં રજીસ્ટ્રેશન રદ

## રેરાની કડક કાર્યવાહીથી બિલ્ડરો લોબીમાં ખળભળાટ




અમદાવાદ,તા.૩
ગૂજરાત ભરનાં બિલ્ડરો-ડેવલપરોને ઝટકારૂપ કાર્યવાહીમાં ગુજરાત રેરા દ્વારા ૧૦૦૦ થી વધુ રીઅલ એસ્ટેટ પ્રોજેકટ સંલગ્ન બેંક ખાતાઓ ફ્રિઝ સ્થગીત કરી નાખ્યા છે. નિયમનોનો ભંગ કરવા બદલ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.૧૦૦૦ થી વધુ પ્રોજેકટોનાં બિલ્ડરોએ પ્રોજેકટ સંબંધી ત્રિમાસીક રીપોર્ટ આપ્યો ન હતો કે કમ્પલીશન પ્રક્રિયાનું અપડેટ દર્શાવ્યુ ન હતું અથવા તો સમય મર્યાદામાં વધારો માંગતી અરજી કરી હતી.

ગુજ રેરાના આ આકરા પગલાથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા શહેરોનાં પ્રોજેકટ ધરાવતા બિલ્ડરો બાકીના યુનિટોનું વેચાણ કે તેની વિજ્ઞાપન-પ્રચાર નહિં કરી શકે એટલુ જ નહિં પ્રોજેકટ પર ધિરાણ પણ નહીં મેળવી શકે. ગુજરેરાનાં એક વરીષ્ઠ અધિકારીએ નામ નહિં દેવાની શરતે એમ જણાવ્યું હતું કે રેરા દ્વારા નિયત કરાયેલા પ્રોજેકટ કમ્પલીશનના નિયમોનું બિલ્ડરોએ પાલન કરવાનું હોય છે.રજીસ્ટ્રેશન વખતે દર્શાવાયા પ્રમાણે પ્રોજેકટ કમ્પલીશનની વિગતો અપડેટ કરવાની હોય છે.

નિયમ સમય મર્યાદામાં બિલ્ડરે પ્રોજેકટ પૂર્ણ કર્યો ન હોય તો મુદત વધારો માંગવા-મેળવવાનો હોય છે. ગુજરેરાનાં ધ્યાનમાં એવુ આવ્યું હતું કે ૧૦૦૦ થી વધુ પ્રોજેકટોનાં બિલ્ડરોએ નિયમોનું પાલન કર્યું નથી. પ્રોજેકટ પૂર્ણ કરવા વધુ સમય પણ માંગવામાં આવ્યો નથી. જેને પગલે આ તમામ પ્રોજેકટોનાં રજીસ્ટ્રેશન રદ કરી નાખવામાં આવ્યા છે.

ગુજરેરાનાં નિશાને આવેલા આ પ્રોજેકટો પૈકીનાં મોટાભાગનાં ૨૦૧૮-૧૯ માં લોંચ થયા હતા અને ચાલુ વર્ષે ૨૦૨૪ ના જુન સુધીમાં પૂર્ણ કરવાનાં હતા. ગુજરેરા દ્વારા આ તમામ પ્રોજેકટોની વિગતો સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીને પણ આપી દીધી છે અને દરેક પ્રોજેકટનાં રેરા રજીસ્ટર્ડ બેંક ખાતા સ્થગીત કરવા સુચવ્યુ છે.

# દેશમાં ગરીબી ઝડપથી ઘટી રહી છે ૨૧ ટકાથી ઘટીને ૮.૫ ટકાએ પહોંચી

નવી દિલ્હી,તા. ૩:
દેશમાં ગરીબીના મોરચે એક સારા સમાચાર આવ્યા છે. ભારતમાં ગરીબી ઝડપથી ઘટી રહી છે અને તેના કારણે આંકડાઓમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં પ્રકાશિત થયેલા અહેવાલમાં નવા સર્વેના અનુમાન મુજબ, ૨૦૧૧-૧૨ થી ગરીબી ૨૧ ટકા થી ઘટીને ૮.૫ ટકા થઈ ગઈ છે.

આ એક મોટો આંકડો છે. આ સર્વેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે વારસાગત (પેઢી દર પેઢી) ગરીબીમાં ઘટાડો થયો છે. જો કે, એવા લોકોનું પ્રમાણ ઘણું ઊંચું છે જેઓ ‘જીવનની કેટલીક દુર્ઘટના’ને કારણે ગરીબીમાં પાછા સરકી શકે છે.

મંગળવારે, ગરીબીના આંકડાઓ અંગે થિંક ટેન્ક **NCAER**ના સોનાલ્ડ દેસાઈની આગેવાની હેઠળના અર્થશાસ્ત્રીઓ દ્વારા એક પેપરમાં આ અનુમાન લગાવવામાં આવ્યું છે. આ સર્વેમાં જણાવાયું છે કે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ ઝડપથી ઘટ્યું છે અને તે ૨૦૧૧-૧૨માં ૨૪.૮ ટકા થી ઘટીને હવે ૮.૬ ટકા પર આવી



ગયું છે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં ગરીબી ૧૩.૪ ટકાથી ઘટીને ૮.૪ ટકા થઈ છે.

# ડાયાબીટીસ - સ્થૂળતા સામેની રામબાણ દવાને ભારતમાં મંજુરી અપાઈ

નવી દિલ્હી, તા.૩:
જે લોકોને વધતા વજન અને સ્થુળતાની બિમારી છે તેમના માટે સારા સમાચાર છે. જો કે આ દવાની લોન્ચીંગ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. તે હાલમાં યુ.એસ.માં મોંજારો અને જેપબાઉન્ડના નામથી વેચાય છે.

ભારતમાં ડાયાબિટીસ અને સ્થૂળતાથી પીડિત લોકો માટે એક સારા સમાચાર છે. અમેરિકન ફાર્માસ્યુટિકલ કંપની એલી લિલી દ્વારા બનાવવામાં આવેલી બ્લોકબસ્ટર દવા ટિર્ઝેપ્ટાઈડને ભારતમાં લોન્ચ કરવાની મંજૂરી મળી ગઈ છે. આ દવા પ્રકાર ટાઈપ-૨ ડાયાબિટીસ અને વજન ઘટાડવામાં અસરકારક માનવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ દવાને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનની વિષય નિષ્ણાત સમિતિ તરફથી આયાત અને માર્કેટિંગ માટે લીલી ઝંડી મળી ગઈ છે. આ ભલામણના આધારે, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડીયા તરફથી અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે.


સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● ફર્નિચર માલ ● પ્લાયવુડ ● હેન્ડલ ● પડદા ● સોફા ● સોફા માલ
● વોલ પેપર ● મેટ્રેસ ● પીલો
● પડદાનું કાપડ ● ઓફિસ કેર્ટન ● મોડયુલર કિચન
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૯ ૫૪૧૫૫





ડૉ. દિપેન જે. સુબા
॥ આદિત્ય ॥ કલીનીક
શું તમે શારીરિક દુઃખાવા થી પીડાવ છો ?
શું તમે પીડારહીત હલન ચલન નથી કરી શકતા ?
શું તમે સાંધા-સ્નાયુ-નસ-રગનાં દર્દો + ઓર્થો. દુઃખાવા માટે કાપ-કુપ/એમ.આર.આઈ વગરનો વિકલ્પ શોધી રહયા છો?
શું શરીરના સાંધાની જકડન, સોજા, મેંડ, મચકોડ, માંસપેશીના દર્દો, ફ્રુટ-કળતર / વા જેવી તકલીફો થી આડઅસર વગર રાહત મેળવવી શકય છે? તો જવાબ છે, ॥ આદિત્ય કલીનીક ॥
ભારત + અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલ્સનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઈન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525





Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

છેલ્લા દિવસો... છેલ્લી તક...
ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....
ડોકટર એપ્રોન (લેબકોટ) કોટન વ્હાટ તેમજ રંગીન બધી સાઈઝનાં માત્ર રૂા. ૧૦૦/-
દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ આધુનિક સુવિધાઓ સાથે
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો





: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦ ૯૯૧૩૩ ૯૫૨૦૦
The Dream City
: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કું.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

# ભારત ભારતીનું રાષ્ટ્રીય અધિવેશન ઉમંગ ઉત્સાહ અને નવા સંકલ્પ સાથે પૂર્ણ

**અનેકતા માં એકતાની ભાવનાને સાર્થક કરતું આ રાષ્ટ્રીય અધિવેશનમાં કાશ્મીરથી કેરળ અને અસામથી રાજસ્થાન, પંજાબથી ઝારખંડ અને આંધ્રપ્રદેશથી ઉત્તરપ્રદેશ ૨૨રાજ્યોના ૧૪૩ પ્રતિનિધિઓની ઝમકદાર હાજરી રાજકોટમાં મીની ભારતના દર્શન**





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩

રાષ્ટ્રીય એકાત્મતા અને અનેક્તા માં એકતાને વરેલી વિશિષ્ઠ સંસ્થા "ભારત ભારત"નું ત્રીજું રાષ્ટ્રીય અધિવેશન રાજકોટમાં રવિવારે પૂર્ણ થયું.

ભારતની વિવધતા અને એકતાના સંગમ સમાન આ અધિવેશન માં દેશના ૨૨ રાજ્યોના ૧૪૩ પ્રતિનિધિઓ તથા રાજકોટ સૌરાષ્ટ્રના ૪૯ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને ભારતને પરમ વૈભવના શિખર પર પહોંચાડવા, વિકસિત ભારત સાર્થક કરવા સંકલ્પ કર્યો હતો.

રાજકોટની આત્મીય યુનિના કેમ્પસમાં યોજાયેલા આ વિશાળ અધિવેશનના પ્રમુખસ્થાને ભારત ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી સોહન સિંહ ધવન રહ્યા હતા જ્યારે અધિવેશનનું ઉદઘાટન પ્રખર શિક્ષણ શાસ્ત્રી ડૉ. કમલેશભાઈ જોશીપુરા, ફૂલછાબનાં જનરલ મેનેજરશ્રી નીતુભાઈ જીબા, બોલબાલા ટ્રસ્ટના સેવાભાવી વડાશ્રી જયેશભાઈ ઉપાધ્યાય, જાણીતા ઉદ્યગપતિ શ્રી ગૌરવ ભાઈ ગુપ્તા સામાજિક અને રાજકીય અગ્રણીશ્રી પ્રેમ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

અનિવાર્ય સંજોગો ને કારણ ઉપસ્થિત રહી ન શકેલા સ્વામી ત્યાગ વલ્લભ સ્વામી એ અધિવેશન ની સફળત ઈચ્છતો પ્રેરક સંદેશો પાઠવ્યો હતો.

પોતાની પ્રભાવી વાણી માં સંબોધતાં ડૉ જોષીપુરાએ અખંડ ભારતથી વિભાજિત ભારતનો સ્થિતિનો અભ્યાસપૂર્ણ ખ્યાલ આપીને જણાવ્યું હતું કે ભારત ભારતી જેવી સંસ્થાની સ્વતંત્રતા ની ચળવળ જેટલી જ આજે જરૂર છે. વિધ્વંસ વાદી પરિબળોનો પ્રતિકાર કરવા, અલગતાવાદી વિચારધારાને નામશેષકરવાની શક્તિ ભારત ભારતી જેવી સંસ્થા પાસે છે.

શ્રી નીતુભાઈ જીબી એ પોતાની રસાલ શૈલીમાં કાઠિયાવાડ સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિનું દર્શન આવેલા પ્રતિનિધિઓ ને કરાવ્યું હતું. બાદમાં વિવિધ સમો દ્વારા શ્રી વિનયભાઈ પમાળે, શ્રી રુદ્રનારાયનં તિવારી, શ્રી જગન્નાથ કુંજબેહારી શ્રી ડો. અરવિંદ પવાર, શ્રીમતી સાધનારાઓ,ડો.જે.એસ.રાજકુમાર. મેજર મલ્હોત્રા વગેરેએ પ્રતિનિધિઓને માર્ગદર્શન આપ્યું હતું. સમાપન સમ સંબોધતાં વિશ્ર્વ હિન્દુ પરિષદના ક્ષેત્રીય પ્રચારક શ્રી કે રંગરાજએ સંસ્કૃતિ રાષ્ટ્રીય ધરોહર ને ક્ષીણ કરવાના થતા પ્રયાસો સામે લાલ બતી ધરતા જણાવ્યું હતુંકે ભારત ભારતી નું કાર્ય નાનુ સૂનું નથી. ખૂબ જ વિશાળ અને ભગીરથ છે પાશ્ચાત્ય આક્રમણ સામે ટક્કાર અડીખમ થવું પડશે.

ત્રણ દિવસનાં કાર્યક્રમ માં શનિવારે સાંજે વૈવિધ્ય પૂર્ણ કૃતિઓ સાથે સાંસ્કુતિક કાર્યક્રમ સંસ્કાર ભારતી નાં જુલીબેન ઉનડકટના નિર્દેશન માં રજુ થયો હતો અને દર્શકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. ભારત ભારતી રાજકોટના અનિલભાઈગુપ્તાની આગેવાની નીચે આનંદસિડ, રમેશ મેનન પ્રફુલભાઈ સંઘાણી(પટેલ), મહેશભાઈ મહેતા, જીજ્ઞેશ ભાઈ રામાવત વગેરેની કોર ટીમ અને આવાસ,અન્નપૂર્ણા યાતાયાત સહિત વિવિધ સમિતિઓ એ રાતદિવસ જેત ઉઠાવી હતી.

# બગસરા ઘેડમાં વરસાદ બંધ થાય પછી દિવાલ ચણવાનું કહેતા મહિલા ઉપર ચાર શખ્સોનો હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

માંગરોળ તાલુકાના બગસરા ઘેડમાં વરસાદ બંધ થાય પછી દિવાલ ચણવાનું કહેતા ચાર શેઢા પાડોશીએ મહિલા ઉપર હુમલો કરતા સારવારમાં ખસેડાઈ હતી. માંગરોળ તાલુકાના બગસરા ઘેડનાં વાડી વિસ્તારમાં રહેતા રાણીબેન સરમણભાઈ ટીંબા(ઉ.વ.૪૨) સોમવારે બપોરે તેમના પતિ સાથે ખેતરના શેઢે હતા તે દરમ્યાન શેઢા પાડોશી રાણાભાઈ નાગાજણભાઈ ટીંબાએ લાકડાના ધોકા સાથે અને તેના પુત્ર ભરતએ લોખંડના પાઈપ સાથે આવી આ દિવાલ કેમ પડેલ છે અને તમે કેમ દીવાલ ચણવા દેતા નથી તેમ કહેતા મહિલાએ વરસાદ બંધો થાય પછી વરાપે દિવાલ ચણવાનું કહેતા જેનાથી ઉશ્કેરાઈ જઈ પિતા, પુત્રએ સરમણભાઈને મારવા જતા રાણીબેન પતિને બચાવવા આડા પડતા બંને તેના ઉપર ધોકા અને પાઈપથી હુમલો કરી ગીતાબેન ભરત અને જીવીબેન રાણાએ પણ માર મારતા મહિલાને ગંભીર પ્રકારની ઈજા થવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત પોરબંદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે શીલ પોલીસે ચાર શેઢા પાડોશી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વેરાવળમાંથી પકડાયેલ શંકાસ્પદ ૧૯ હજાર કિલ્લો ચોખાનો જથ્થો સરકારી હોવાનું સાબિત થતા પ્રાંચીના વેપારી સામે ગુનો

**આરોપી અનાજના વેપારીએ ગ્રામ્ય વિસ્તારોમાંથી અને ફેરીયાઓ પાસેથી ચોખાનો જથ્થો ગેરકાયદેસર રીતે ખરીદ કરી વેંચાણ કરવા જઈ રહ્યાનો તપાસમાં ઘટસ્ફોટ થયો**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળમાં હાઈવે ઉપરથી દોઢ માસ પહેલા એક ટ્રકમાંથી શંકાસ્પદ ચોખાના ૩૮૦ કટ્ટાનો જથ્થો તંત્રએ જપ્ત કરી સીઝ કર્યો હતો. આ મામલે તપાસના અંતે આ ચોખાનો જથ્થો સરકારી હોવાનો અને પ્રાંચી તીર્થના અનાજના વેપારીએ ગેરકાયદેસર રીતે ગ્રામ્ય વિસ્તારોમાંથી ખરીદ કરીને વેંચાણ કરી રહ્યાનો ઘટસ્ફોટ થયો હતો. જેને લઈ મામલતદાર દ્વારા પ્રાંચીના વેપારી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ દોઢ માસ પૂર્વે બાતમીના આધારે મામલતદાર એ.જી. ગજ્જરની ટીમ દ્વારા વેરાવળ હાઈવે પર ડારી ઓવરબ્રીજ પાસે ટ્રક નં. જીજે ૧૨ એ ઝેડ ૬૫૪૩ ને રોકાવી તેમાં તપાસ કરતા આકાશ ટ્રેડિંગ કંપનીનો ચોખાનો અનાજનો જથ્થો મળી આવેલ હતો. જે શંકાસ્પદ જણાતા ગણતરી હાથ ધરતા ટ્રકમાંથી ૩૮૦ કટ્ટા ચોખા જેનો વજન ૧૯,૨૪૦ કિલો કિં.રૂ.૫ લાખ તથા ટ્રક મળી કુલ રૂ.૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી તપાસ હાથ ધરી હતી. જેમાં ટ્રક ડ્રાઈવરની પૂછપરછમાં ચોખાનો જથ્થો પ્રાંચી બાયપાસ ખાતેથી ભરેલ હતો અને પ્રાંચીના અનાજના વેપારી ઈકબાલ અલીભાઈ કાલવાણીનો હોવાનું જાણવા મળેલ હતુ. જેના આધારે નિવેદન નોંધવામાં આવતા ઈકબાલએ જણાવેલ કે, છેલ્લા એક માસ દરમ્યાન જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અને ફેરીયાઓ પાસેથી ચોખાની ખરીદી કરી પોતાની પાણીકોઠા ગામએ આવેલ જગ્યાએ તમામ જથ્થો એકત્ર કરેલ હતો. બાદમાં શંકાસ્પદ ચોખાનો જથ્થા અંગે નાગરીક પુરવઠા નિગમએ કરેલ તપાસમાં જથ્થો સરકારી હોવાનું સામે આવ્યુ હતુ. જેને લઈ જીલ્લા કલેકટર ડી.ડી.જાડેજા સમક્ષ કેસ ચાલી ગયેલ જેમાં ઉપરોકત હક્કીત રજુ થતા આવશ્યક ચીજ વસ્તુઓની ધારાઓનું ઉલ્લંઘન થતા પ્રાંચીના વેપારી સામે ગુનો નોંધવા સુચના આપી હતી. જેના આધારે મામલતદાર ગજ્જરે પ્રાંચીના વેપારી ઈકબાલ કાલવાણી સામે ફરીયાદ નોંધાવતા પ્ર.પાટણ પોલીસે જરૂરી ચીજ વસ્તુઓનો અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી વેપારીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાદોઈ ટોલકર્મીઓ ઉપર ખૂની હુમલો કરનાર કોડીનાર પીઆઈ ભોજાણી સસ્પેન્ડ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

વંથલી નજીકના ગાદોઈ ટોલનાકા ઉપર કોડીનારના પીઆઈ સહિતના શખ્સોએ કાર્ડ બતાવવા મુદ્દે બબાલ કરી હતી. જેમાં હત્યાનો પ્રયાસ, લૂંટ, રાયોટીંગ સહિતની કલમો હેઠળ વંથલી પોલીસમાં ગુનો નોંધાયા બાદ કેશોદ ડીવાયએસપીને તપાસ સોંપવામાં આવી છે. આ ગુનામાં સંડોવાયેલા કોડીનારના પીઆઈ આર.એ. ભોજાણીને રેન્જ આઈજી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગત રવિવારે ટોલનાકા ઉપરથી પસાર થઈ રહેલા કોડીનારના પીઆઈ ભોજાણી પાસે ટોલકર્મીએ આઈકાર્ડ માંગતા મામલો બીચકયો હતો. જેમાં પીઆઈ સહિતના ૨૦ શખ્સો સામે ખૂની હુમલો અને મોબાઈલની લૂંટ કર્યાનો ગુનો દાખલ થયા બાદ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રેન્જ આઈજી નિલેશ જાંજડીયા દ્વારા પીઆઈ આર.એ. ભોજાણીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ બનાવમાં કેશોદ ડીવાયએસપી બી.સી. ઠક્કરને તપાસ સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે વંથલી સ્થાનિક પોલીસ, એલસીબી, એસઓજીની અલગ-અલગ ટીમ દ્વારા દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. હાલ પોલીસને એકપણ આરોપી હજુ સુધી હાથ લાગ્યો નથી.


# જૂનાગઢ જીલ્લામાં ધો.૧૨ સાયન્સમાં સંસ્કૃત વિષયમાં કુલ ૫૧માંથી ૧૯ પરિક્ષાર્થીઓ ગેરહાજર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ જિલ્લામાં તારીખ ૨૪ જૂનથી ૬ જુલાઈ સુધી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સ, કોમર્સની પૂરક પરીક્ષાનું આયોજન છે. જેમાં તારીખ ૨ને મંગળવારના રોજ ધોરણ ૧૦માં ગુજરાતી, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કોમ્પ્યુટર, ચિત્રકામ, તત્વજ્ઞાન વિષય અને ધોરણ ૧૨ સાયન્સમાં સંસ્કૃત અને કોમ્પ્યુટર વિષયનુ પેપર હતું. જેમાં ધોરણ ૧૦માં ૬ માંથી ૨ ગેરહાજર અને ૪ હાજર રહ્યા, ધોરણ ૧૨ સાયન્સમાં સંસ્કૃતમાં ૫૧ માંથી ૩૨ હાજર, ૧૯ ગેરહાજર રહ્યા અને ધોરણ ૧૨ કોમર્સમાં કોમ્પ્યુટરમાં ૧૨૭માંથી ૯૭હાજર અને ૩૦ ગેરહાજર તેમજ તત્વજ્ઞાનમાં ૧૩૫ માંથી ૧૧૩હાજર ૨૨ ગેરહાજર રહ્યા હતા. પૂરક પરીક્ષામાં તારીખ ૨ને મંગળવારના રોજ કોઈ કોપીકેસ કે ગેરનીતી પકડાઈ ન હતી એમ ડીઈઓ ભાવસિંહ વાઢેરે જણાવ્યું હતું. પૂરક પરીક્ષામાં તારીખ ૨ને મંગળવારના રોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં તત્વજ્ઞાનનું પેપર હતું. જે ૯૦ટકા સરળ અને ૧૦ ટકા અઘરૂ રહ્યું હતું. ખાસ કરીને તો બોર્ડની બ્લુપ્રીન્ટ તેમજ ટેક્સબુક આધારીત પ્રશ્નો હતો પરંતુ માર્ચ લેવાયેલ બોર્ડની પરીક્ષાના પેપર કરતા એકંદરે સરળ હતું.

# ભારત ભારતીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે હિતેશભાઈ પંડ્યાની નિમણુંક



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩

રાષ્ટ્રીય એકાત્મતા અને વિવિધતામાં એકતાને વરેલી ભારત ભારતી રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ શ્રી વિનયભાઈ પમાલે એ વરિષ્ઠ અગ્રણી અને અનેક સામાજિક સંસ્થા સાથે જોડાયેલા શ્રી હિતેષ ભાઈ પંડ્યાની સંસ્થાનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે. શ્રી હિતેષ ભાઈ હાલ સંસ્થાના સૌરાષ્ટ્ર કચ્છ નાં પ્રમુખ તરીકે જવાબદારી સંભાળતા રહ્યા હતાં હિતેષ ભાઈની ટર્મ બે વર્ષની રહેશે.

ગુજરાત ના પાંચ પાંચ મુખ્ય મંત્રીઓના અધિક જનસંપર્ક અધિકારી તરીકે ૨૩ વર્ષ ફરજ નિભાવનાર શ્રી હિતેષભાઈ ભારત ભારતી સાથે ૨૦૦૧થી જોડાયેલા છે. ભારત ભારતી ઉપરાંત તેઓ સ્વદેશી રાષ્ટ્રવાદી ઈન્ડિયન લાયન્સના પણ ચીફ પેટ્રન છે ગુજરાત માં લગભગ ૫૦ઉપરાંત સ્થાનો પર ઈન્ડિયન લાયન્સ કાર્યરત છે. મોદીજીનાં રાષ્ટ્રપ્રથમ પહેલા દેશના સિદ્ધાંતને વરેલી નેશન ફર્સ્ટ FOUNDATIONનાં સ્થાપકોમાંના એક છે તેમની જ્ઞાતિ "ઔદિચ્ય ગઢિયા બ્રાહમણ", ના સમસ્ત અખિલ ભારતીય સંગઠનના પણ તેઓ પ્રમુખ છે. હિતેષભાઈ હાલ Media and Management Advisro તરીકે અનેક સંસ્થા/ croproate એકમ સાથે સબંધો ધરાવે છે. રાજકોટ નાગરિક સહકારી બેંકની ગાંધીનગર શાખા સમિતિના સભ્ય(directro)પણ છે. હિતેષ ભાઈપંડ્યા નો whatsapp number ૭૯૮૪૩૫૨૫૪૦છે.

# ખંભાળિયાના ઘી ડેમમાં સાડા ચાર, સિંહણ ડેમમાં પાંચ ફૂટ નવું પાણી આવ્યું



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘ વિરામ રહ્યો છે. મોસમનો કુલ વરસાદ ખંભાળિયા તાલુકામાં સાડા ૨૭ ઈંચ (૬૮૬ મી.મી.), દ્વારકા તાલુકામાં ૧૩ ઈંચ (૩૨૮ મી.મી.), કલ્યાણપુર તાલુકામાં ૧૩ ઈંચ (૩૨૨ મી.મી.) અને ભાણવડ તાલુકામાં ૯ ઈંચ (૨૨૨ મી.મી.) કુલ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૦.૬૮ ટકા વરસી ચુક્યો છે. આજે પણ સવારથી મેઘરાજા વિરામ વચ્ચે થોડો સમય સૂર્યનારાયણના દર્શન પણ થયા હતા.

ખંભાળિયા શહેરને પીવાનું તેમજ આસપાસના વાડી વિસ્તારમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડતા ૨૦ફૂટ ઊંડાઈ ના ઘી ડેમમાં છેલ્લા બે દિવસ દરમિયાન સાડા ચાર ફૂટ નવા પાણીની આવક થવા પામી છે. આ સાથે ઘી ડેમની સપાટી ૭ ફૂટ ઉપર પહોંચી છે. હાલ ડેમમાં ૭ માસ ચાલે તેટલું પાણીનો જથ્થો સંગ્રહિત થઈ ગયો છે.

આ ઉપરાંત ખંભાળિયાના બીજા મહત્વના એવા સિંહણ ડેમની ત્રણ ફૂટની સપાટીમાં બીજા સાડા પાંચ ફૂટ નવા પાણીની આવક સાથે કુલ સપાટી સાડા આઠ ફૂટ સુધી પહોંચી જવા પામી છે. સિંહણ ડેમની કુલ ઊંડાઈ ૨૨ ફૂટની છે.

મોટા અને મહત્વના જળ સ્ત્રોતોમાં નવા નીરની ધીંગી આવક થતાં ગ્રામજનો સાથે શહેરીજનો પણ ખુશ ખુશાલ છે.

# ખંભાળિયાના વિરમદળ ગામે કુવામાં ડૂબી જતા પરપ્રાંતિય યુવાનનું અપમૃત્યુ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ખંભાળિયા તાલુકાના નવા વિરમદળ ગામના વાડી વિસ્તારમાં મંગળવારે સાંજે એક પરપ્રાંતિય યુવાન અકસ્માતે કુવામાં પડી ગયો હોવા અંગેની જાણ સ્થાનિક રહીશ અજયભાઈ ગાગીયા દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા આના અનુસંધાને જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર વિભાગના શિવરાજસિંહ ઝાલા, જયપાલસિંહ જાડેજા તેમજ અન્ય સ્ટાફ તાકીદે નવા વિરમદળ ગામે દોડી ગયો હતો. અહીંના હમીરભાઈ નામના એક આસામી વાડીમાં રહેલા પાણી ભરેલા ઊંડા અને ખુલ્લા કૂવામાં નહાવા પડેલા મૂળ મધ્યપ્રદેશના વતની કૈલાશ લાલસિંગ અલાવા નામના આશરે ૩૦ વર્ષના આદિવાસી યુવાનના મૃતદેહને ફાયરના જવાનો દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો. આ બનાવની જાણ સંજયભાઈ જામસીંહ આદિવાસી (રહે. મધ્યપ્રદેશ)એ ખંભાળિયા પોલીસને કરી છે. મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વધુ એક વખત પોલીસ કર્મચારીઓની સામૂહિક બદલીનો ગંજીપો ચિંપાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ગઈકાલે જિલ્લાની એલસીબી, એસઓજી જેવી જુદી જુદી મહત્વની પોલીસ કચેરીઓમાં ફરજ બજાવતા કુલ ૨૫ પોલીસ કર્મચારીઓની સામૂહિક બદલીના ઓર્ડરો કર્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગઈકાલે ઈસ્યુ કરવામાં આવેલા આ ઓર્ડરમાં એલસીબીના મશરીભાઈ ભરવાડીયા અને ભરતભાઈ જમોડને ખંભાળિયા પોલીસ મથકમાં, મસરીભાઈ છુછરને દ્વારકા, એસ.ઓ.જી.ના રાજેન્દ્રસિંહ એમ. જાડેજાને ખંભાળિયા પોલીસ મથકમાં, પેરોલ સ્કવોડના જેસલસિંહ જાડેજાને સલાયા, સહદેવસિંહ જાડેજાને ખંભાળિયા, કુલદીપસિંહ જાડેજાને દ્વારકા, અરજણભાઈ આંબલીયાને ખંભાળિયા મુકવામાં આવ્યા છે.

ખંભાળિયાના ખીમભાઈ કરમુર અને જેઠાભાઈ પરમારને પેરોલ ફર્લો સ્કવોડમાં ભાણવડના મનહરસિંહ જાડેજાને અને દ્વારકાના પીઠાભાઈ ગોજીયાને એલસીબી વિભાગમાં મૂકવામાં આવ્યા છે.

## અવસાન નોંધ

જૂનાગઢ : ઈન્દ્રવદનભાઈ હર્ષદરાય એન. જોષી તે હર્ષદવદનભાઈ એન. (જોષી)ના ભાઈનું તા. ૧-૭-૨૪નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૪ ગુરૂવારનાં રોજ સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, શિવનગર, જોષીપરા શાક માર્કેટ પાછળ, જૂનાગઢ ખાતે ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

ઉના : શ્રીગૌડ મેડતવાડ બ્રાહ્મણ મૂળ આંબાડા અને હાલ ઊના નિવાસી સ્વ. ઈન્દુબેન ઘનશયામભાઈ દીક્ષીત (ઉ.વ.૫૯) તે શૈલેષભાઈ તથા દક્ષાબેન વિપુલભાઈ ત્રીવેદી (ઊના), મનીષાબેન મનીષભાઈ ભટ્ટ (જૂનાગઢ) ના માતુશ્રી, શશીકાંત મૂળશંકર જાનીના બહેન તથા રાજેશભાઈ વૃજલાલ દિક્ષીતના ભાભીનું તા.૧/૦૭/૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતની સાદડી તા. ૦૪/૦૭/૨૦૨૪ ને ગુરૂવારે બપોરે ૩ થી

# ભાણવડમાં માત્ર જૂન માસમાં ૮૧ સાપોને રેસક્યુ કરી, આપ્યું નવજીવન



જામ ખંભાળિયા, તા. ૩ : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં છેલ્લા આશરે દોઢ દાયકાથી વધુ સમય થયા જીવદયાના ક્ષેત્રમાં કાર્યરત એવા અશોકભાઈ ભટ્ટ અને તેમની ટીમ દ્વારા દર વર્ષે હજારો સરીસૃપનું બચાવ કાર્ય કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગત જૂનના એક જ માસમાં ભાણવડ અને આસપાસના ગામોમાં જુદી - જુદી જગ્યાએથી ૮૧ જેટલા સાપોના રેસ્ક્યુ કરીને તેના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા હતા. રેસ્ક્યુ કરાયેલા સાપોમાં ૩૯ કોબ્રા, ૧૨ ધામણ, ૩ અજગર, ૮ જળસાપ ૨ મગર મળી ફૂલ ૮૧ સરીસૃપોનું રેસ્કયુ ઓપરેશન કરાયું હતું. એટલું જ નહીં, ઘાયલ સાપ કે અજગરની સારવાર પણ કરાઈ હતી અને ત્યાર બાદ તેને બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા સાપ પકડનાર લોકોએ આવા જીવોને બચાવવા એ આર્થિક પ્રવૃત્તિ બનાવી લીધી છે અને સાપ પકડવા માટે મોટી રકમ વસૂલે છે. ત્યારે અશોકભાઈ ભટ્ટ અને તેની ટીમના સભ્યો દ્વારા આ સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે.

# ઘેડના મટીયાણામાં જળબંબાકાર વચ્ચે દીપડાનો બે લોકો ઉપર હુમલો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ઘેડના મટીયાણા ગામના ખારા વિસ્તારની અંદર દીપડો ચડી આવ્યો હતો. લોકો ગભરાઈ ગયા હતા અને રહેણાંક વિસ્તારની આસપાસ હોવાના કારણે કયા સંતાયો છે વિગતો માટે ત્યાંના રહેવાસીઓ જોવા માટે ગયા ત્યારે એક સાંકડી ગલીમાં સરમણભાઈ વેજાભાઈ પિઠીયા અને ભીખનભાઈ કેશુરભાઈ બોરખતરીયા બંને ઉપર દીપડાએ હુમલો કર્યો અને ઈજા પહોંચાડી હતી. તેમાં પણ ઓઝત નદીમાં ભારે પુર મટીયાણા ગામ સંપર્ક વિહોણું હતું ત્યારે વન વિભાગને જાણ કરવામાં આવી હતી ત્યારે વન વિભાગ દ્વારા પાંજરૂ મુકવામાં આવ્યું છે.

તાજેતરમાં તેઓની કોર્ટ મુદતે આવતા

# જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી એસોસીએશન દ્વારા ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનું સન્માન કરાયું



જૂનાગઢ, તા.૩

વહીવટી તંત્રમાં ઘણા અધિકારીઓ એવું કામ કરી જાય છે અને એવી છાપ છોડી જાય છે, કે લોકો વર્ષો સુધી એમની કામગીરી અને સ્વભાવને યાદ કરતા હોય છે.

જૂનાગઢમાં એવા જ એક અધિકારી હતા ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા જેઓની પ્રજા લક્ષી કામગીરી આજે પણ લોકો યાદ કરે છે તેઓ દ્વારા નાનામાં નાના માણસને પ્રતિભાવ આપી, અસંખ્ય પ્રશ્નો ઉકેલી, સામજિક કાર્યો કરવામાં આવ્યા હતા. ભાડુઆત મકાન માલિકનો પ્રશ્ન હોય, વ્યાજખોરોનો ભોગ બનેલા લોકોનો પ્રશ્ન હોય, માથાભારે ઈસમો દ્વારા ગરીબ લોકોને રંજાડવાનો પ્રશ્ન હોય કે પછી લગ્નજીવનના પતિ-પત્નીના પ્રશ્ન હોય, દરેક પ્રશ્નનો તેઓએ પોતાની આગવી સૂઝ બુઝથી ઉકેલ લાવવામાં આવેલ હતા. કાયદો વ્યવસ્થાની બાબત હોય, કોઈપણ જ્ઞાતિના આગેવાનો સાથે, રાજકીય નેતાઓ સાથે, ધાર્મિક સાધુ સંતો સાથે સંકલન કરીને તેમજ પ્રેસ અને મીડિયાના મિત્રો સાથે સંકલન કરીને પ્રશ્નનું નિરાકરણ લાવવાની તેમની આવડતને આજે પણ લોકો યાદ કરે છે. પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરી, પોલીસ ખાતામાં એક અલગ ચીલો ચીતરી ગયા છે.

તાજેતરમાં તેઓની કોર્ટ મુદતે આવતા જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અલગ અલગ વેપારી એશોશિયેશનના હોદેદારો સંજયભાઈ પુરોહિત, રાજુભાઈ જોબનપુત્રા, અમૃતભાઈ દેસાઈ, ભુપેન્દ્રભાઈ તન્ના સહિતના આગેવાનો તથા વેપારીઓ દ્વારા તેઓની બદલી થઈ ગયા બાદ આશરે બે વર્ષ બાદ પણ તેઓની કામગીરીને બિરદાવી, શોર્ય રૂપી તલવાર તથા અલગ અલગ સનમણપત્રો આપી, સન્માન કરવામાં આવ્યું હતું. આ બાબત જ તેઓની જૂનાગઢ પ્રત્યે દિલમાં લાગણી અને લોકપ્રિયતા દર્શાવે છે.

જૂનાગઢ જીલ્લામાં ભારે વરસાદના પગલે

# જીલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને વરસાદની સ્થિતિ બાદ કાર્યવાહી કરવા સમિક્ષા બેઠક યોજાઇ

## સંબંધિત અધિકારીઓ પાસેથી પરિસ્થિતિનો તાગ મેળવી શક્ય તેટલી ઝડપી કામગીરી ચાલુ કરવા સૂચના આપી




જૂનાગઢ, તા.૩

જૂનાગઢ શહેર અને સમગ્ર જિલ્લામાં પડેલ ધોધમાર વરસાદના પગલે જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષતામાં હાલ વરસાદની સ્થિતિમાં જરૂરી કામગીરી કરવા સમિક્ષા બેઠક યોજાઈ હતી. કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ જિલ્લાના અધિકારીઓને હાલની સ્થિતિમાં લોકોને મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચના આપી હતી.

વરસાદના કારણે વૃક્ષો ધરાશયી થયાની ફરિયાદો, નિચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયાની ફરિયાદો તેમજ દરેક વિભાગના સંબંધિત અધિકારીઓના ઈનપુટ્સ લઈ જિલ્લા કલેકટરે પરિસ્થિતીનો તાગ મેળવ્યો હતો. જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકા કક્ષાના અધિકારીઓએ વીડિયો કોન્ફરન્સ મારફતે જોડાઈ જે-તે અસર ગ્રસ્ત વિસ્તારની સ્થિતી જણાવી હતી. ત્યારબાદ કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે ધરાશાયી થયેલા વૃક્ષો, નિચાણવાળા વિસ્તારમાં ભરાયેલ પાણીનો શક્ય તેટલો ઝડપી નિકાલ કરવો તેમજ મચ્છરજન્ય રોગ ન ફેલાય તેની તકેદારી રાખવી. વધુમાં વરસાદને કારણે રસ્તાઓ તુટી ગયા હોઈ અથવા ધોવાણ થયું હોઈ તેની શક્ય તેટલી ઝડપી કામગીરી ચાલુ કરવી. ગટરોના ઢાંકણામાં પાણીનો ભરાવો થયો હોઈ તો ત્યાથી પાણીનો નિકાલ કરવો,સ્ટ્રીટ લાઈટ, સ્ટ્રીટ પોલવગેરેમાં પણ જો કોઈ સમસ્યા હોય તો ઝડપી નિરાકરણ લાવવું. શાળા કોલેજોમાં પણ જો પાણીને કારણે બાળકોને, વિદ્યાર્થીઓને મુશ્કેલી આવતી હોય તો મર્યાદિત સમય પુરતા નજીકની શાળામાં શિફ્ટ કરવા.

હેલ્થ વિભાગને વધુ જાગૃત રહેવા તેમજ ખાસ કરીને સગર્ભા બહેનોને કોઈ સમસ્યા ન થાય તેની તકેદારી રાખવા સહિતની સૂચના આપી હતી. આગળના સમયમાં પણ અચાનક વરસાદ થાય અને લોકોને સ્થળાંતર કરવાની સ્થિતિ આવે તો યોગ્ય જગ્યાએ સ્થળાતર કરવા અને ફુડ પેકેટ તેમજ પાણીની વ્યવસ્થા કરવી તેમ ડિઝાસ્ટર મેનેજમેન્ટને જણાવ્યું હતું. તાલુકા કક્ષાના અધિકારીઓ ફિલ્ડમાં જઈ પરિસ્થિતિનો તાગ મેળવે અને ઓછામાં ઓછા સમયમાં લોકોને પડતી મુશ્કેલીઓ દુર કરવાનો પ્રયત્ન કરે તેમજ તંત્ર દ્વારા પુર્ણ થતા કામનો સમયસર રિપોર્ટ કલેક્ટર કચેરી ખાતે મોકલી આપે તેમ જણાવ્યું હતું. વરસાદ સમિક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન,અધિક નિવાસી કલેક્ટર એન.એફ.ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, નાયબ વન સંરક્ષક અક્ષય જોષીસહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યની ૧૫ સરકારી યુનિ. સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ હેતુ GCAS પોર્ટલ ઉપર નવી અરજી કરી શકાશે

જૂનાગઢ, તા.૩

ગુજરાતની ૧૫ સરકારી યુનિ. સંલગ્ન કોલેજોની પ્રવેશ પ્રક્રિયામાં એકસુત્રતા જળવાય અને નિયત સમયે કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થઈ શકે તે માટે શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ) પોર્ટલનો પ્રારંભ કરવામાં આવેલ છે. ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ એટલે કે GCAS પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓની રજૂઆતોને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીના કુલપતિઓની બેઠકમાં સર્વસંમતિથી કેટલાક નિર્ણયો લેવામાં આવેલ છે. જેનું અમલીકરણ સંબંધકર્તા યુનિવર્સિટીઓ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે જેમાં સ્નાતક કક્ષાના પ્રોગ્રામ માટે આવતીકાલ તા. ૪/૭/૨૦૨૪થી ૬/૭/૨૦૨૪ સુધી નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે, તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવ્યુ છે. ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનીકલ બાબતો માટે જીઆઈપીએલ સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી હાથ ધરશે. જે અંતર્ગત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમા નવા સમય પત્રક અનુસાર અનુસ્નાતક પ્રોગ્રામ માટે પ્રથમ યાદી આવતીકાલ તા. ૪ જૂલાઈના રોજ પ્રસિદ્ધ થશે. જ્યારે સ્નાતક પ્રોગ્રામ માટે પ્રથમ યાદી તા. ૬ જુલાઈના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે, આમ સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા તારીખ ૧૫ જૂલાઈ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

GCAS પોર્ટલ મારફત કોલેજ યુનિવર્સિટીમા વિવિધ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર માટે સંબંધિત યુનિવર્સિટી કે કોલેજ ટેકનીકલ બાબતો માટે જીઆઈપીએલ સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ ફેરફાર કરી શકશે. તેમ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની યાદીમાં જણાવાયું છે.

# ખેડૂતો માટે આઈ ખેડુત પોર્ટલ ઉપર આજથી ડ્રોન ટેકનોલોજી યોજના શરૂ

જૂનાગઢ, તા.૩

ખેડુતોની આવક બમણી કરવાના સરકારના સંકલ્પને સાકાર કરવા વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેકનોલોજી - કૃષિ વિમાનના ઉપયોગ અંગેની સરકાર દ્વારા યોજના અમલમાં આવેલ છે. જે અંતર્ગત નેનો યુરીયા તેમજ દવાના છંટકાવ માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા આઈ-ખેડુત પોર્ટલ (I-KHEDUT) ઉપર આજ તા.૩/૭/૨૦૨૪થી ઓનલાઈન અરજી કરી શકાશે. આ યોજના અંતર્ગત સહાયનું ધોરણ ખર્ચના ૯૦% અથવા વધુમાં વધુ રૂા.૫૦૦/- બેમાંથી જે ઓછુ હોય તે રકમ પ્રતિ એકર પ્રતિ છંટકાવ મળવાપાત્ર થશે. ખાતા દિઠ નાણાંકિય વર્ષમાં વધુમાં વધુ કુલ પાંચ એકર અને વધુમાં વધુ પાંચ છંટકાવની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. પાક સંરક્ષણ રસાયણ, નેનો યુરિયા, FCO માન્ય પ્રવાહી ખાતરો, જૈવિક ખાતરોના છંટકાવમાં આ ડ્રોન ટેકનોલોજી મદદરૂપ નિવડશે. આ યોજનાની વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(વિ), નાયબ ખેતી નિયામક(તાલીમ), વધુ માહિતી માટે કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર–૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

# ગુજરાત કોન્ટ્રકાટર્સ એસોસીએશનએ સ્વ.સભ્ય કનુભાઇ પટેલના પરિવારને ન્યાય અપાવવા સંદર્ભે માનનીય મુખ્યમંત્રી તથા ગૃહ રાજ્ય મંત્રીને આવેદનપત્ર આપ્યું



અમદાવાદ, તા.૩

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના સ્વ.સભ્ય કનુભાઈ પટેલે સરકારના અધિકારી-કર્મચારીના નિષ્ઠુર અને અમાનવીય વર્તનના કારણે નિર્માણ થયેલી આર્થિક તંગીની પરિસ્થિતિના કારણે તા.૧૫-૬-૨૦૨૪ના રોજ ગળે ફાસો ખાઈને આત્મહત્યા કરી હતી, જે સંદર્ભે તેમના પરિવાર જનોને ન્યાય અપાવવા માટે ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા ગાંધીનગરમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજના હોલ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શ્રદ્ધાંજલિ સભામાં ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના અંદાજે ૫૦૦ જેટલી મોટી સંખ્યામાં કોન્ટ્રાકટર્સ હાજર રહ્યા હતાં. આ શ્રદ્ધાંજલિસભા પૂર્ણ થયા બાદ ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના કોન્ટ્રાકટર્સ અને સ્વ.કનુભાઈ પટેલના પરિવારજનોએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજય મંત્રી હર્ષભાઈ સંઘવીને આવેદનપત્ર આપી પિડીત પરિવારને ન્યાય અપાવવા તેમજ કસુરવાર અધિકારીઓ વિરૂધ્ધ કડક પગલાની કાર્યવાહી કરી સસ્પેન્ડ કરવાં માંગણી કરી હતી. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે, અમારા કોન્ટ્રાકટરભાઈ સ્વ.કનુભાઈ પટેલને સરકારના નિષ્ઠુર અધિકારીઓ અને કર્મચારી દ્વારા એટલી હદે કનડગત કરવામાં આવી હતી અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો તેમજ બીનજરૂરી ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપી તેમજ તેઓએ પૂર્ણ કરેલા કાર્યના લેવાના નીકળતા હકના નાણા છુટા ન થતા તેઓને આત્મહત્યા કરવી પડી હતી જે ખૂબજ દુખદ બાબત છે. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના તમામ સભ્યો જ્યાં સુધી કસુરવાર અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી ન થાય અને પરિવારને યોગ્ય ન્યાય ન મળી રહે ત્યાં સુધી સ્વ.કનુભાઈ પટેલના પરિવારજનો સાથે ઉભા રહેશે.

# સાળંગપુર મુકામે સંસ્કૃતભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના સમર્પિત કાર્યકર્તાઓનો પ્રાન્ત કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો



જૂનાગઢ, તા.૩

સંસ્કૃત ભારતીએ નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે જે વિશ્વના ૩૭ દેશોમાં સંસ્કૃત ભાષાનો નિઃશુલ્ક પ્રચાર પ્રસાર કરે છે. જેમના કાર્યકર્તાઓ એક પણ રૂપિયાની અપેક્ષા વગર દેવભાષા એવી સંસ્કૃતને જન વ્યવહારની ભાષા બનાવવા માટે અહર્નિશ પ્રયત્નરત છે. આ અભ્યાસ વર્ગમાં સૌરાષ્ટ્ર પ્રાંતના ૧૫ જિલ્લાઓમાંથી, પ્રાંત સ્તરના, વિભાગ સ્તરના અને જિલ્લા કક્ષાના દાયિત્વ વાળા કાર્યકર્તાઓ પોતાના સ્વખર્ચે ઉપસ્થિત રહ્યા હતા અને બે દિવસ સંસ્કૃત ભાષાના સંવર્ધન હેતુ વિચાર-વિમર્શ કર્યો.

આ અભ્યાસ વર્ગના ઉદ્‌ઘાટનમાં સાળંગપુરના પૂ. જ્ઞાનતૃપ્તસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાનતૃપ્ત સ્વામીએ સંસ્કૃત ભાષાએ ભારતીયોના આચાર અને વ્યવહાર સાથે વણાયેલી ભાષા છે અને તેમના મહત્વ વિશે કાર્યકર્તાઓને જણાવ્યું હતું. ઉદ્‌ઘાટન બાદ વિવિધ સત્રોમાં કાર્યકર્તાઓને ગત વર્ષના કાર્યની સમીક્ષા અને આગામી વર્ષના કાર્યોનું ચિંતન કર્યુ હતું. તો બીજે દિવસે સાળંગપુર સંસ્કૃત મહાવિદ્યાલયના બે આચાર્યો દ્વારા સંસ્કૃત ભાષામાં વાદવિવાદ પ્રતિયોગિતા દ્વારા સંસ્કૃત ભાષાનું મહત્વ પ્રતિપાદિત કર્યુ હતું. આ બે દિવસના અભ્યાસ વર્ગમાં કાર્યકર્તાઓને આગામી સમયમાં યોજાનાર ગૌરવ પરીક્ષા, સંસ્કૃત સંભાષણ વર્ગ, ઓગસ્ટ માસમાં થતી સંસ્કૃત સપ્તાહની ઉજવણી અને પત્રાચારના માધ્યમથી સંસ્કૃત શીખવા ઈચ્છતા સૌરાષ્ટ્ર પ્રાંતના લોકો માટે પ્રયત્ન કરવા સૂચવ્યું હતું. તેમજ પ્રાંત કક્ષાના અભ્યાસ વર્ગ બાદ સૌરાષ્ટ્ર પ્રાંતના પાંચ વિભાગોમાં તાલુકા કક્ષાના કાર્યકર્તાઓ માટે અભ્યાસ વર્ગ થાય તે માટેનું વિભાગના સંયોજકોએ આયોજન રજૂ કર્યું હતું.

આ અભ્યાસ વર્ગમાં કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારવા માટે સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ શિરિષ ભેડસસગાંવકરજી અને પશ્ચિમ ક્ષેત્રના સંગઠન મંત્રી વિઠ્ઠલભાઈ ભટ્ટ, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ અને સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ સુકાંતકુમાર સેનાપતિજી અને પ્રાંત મંત્રી ડો. પંકજભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અભ્યાસ વર્ગને સફળ બનાવવા માટે સંસ્કૃત ભારતીના ભાવનગર વિભાગના ડો. મુકેશભાઈ ઈઢારીયા સહિત અનેક કાર્યકર્તાઓએ અથાક મહેનત કરી હતી તેમ સંસ્કૃતભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત પ્રચાર પ્રમુખ ડો.કિશોરભાઈ શેલડીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વેરાવળ સોમનાથના જાહેર માર્ગો- વિસ્તારોમાં પાલીકા જ ખુદ ગંદકી ફેલાવી રહ્યુ છે !

## એડવોકેટ દ્વારા વેદના સાથે મુખ્યમંત્રી, જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી, જેની સફાઈ કરવા-રાખવાની જવાબદારી છે તે પાલીકાના કર્મીઓ જ ગંદકી ફેલાવતા હોય તો કહેવું કોને ? તે સવાલ ઉભો થયો





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

રાજ્ય સરકાર એક તરફ "સ્વચ્છ ગુજરાત સ્વચ્છ શહેર" ની વાતો કરી રહી છે તો તેની ઉલટી કામગીરી યાત્રાધામ વેરાવળ સોમનાથની ભાજપ શાસિત નગરપાલિકા કરી રહી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. જેમાં શહેરની મધ્યે જુની કોર્ટના ટ્રાફીકથી ધમધમતા મુખ્ય રસ્તા ઉપર પાલીકાના જ સફાઈકર્મીઓ દરરોજ ૨૦થી ૩૦ ટ્રોલી ગંદો કચરો ઠાલવીને ગંદકી ફેલાવી રહ્યા છે. ત્યારે આ બાબતે કાયદાનું ભંગ થતું હોય કાયદેસરની કાર્યવાહી કરી ગંદકી ફેલાવતા અટકાવવા એડવોકેટ આર.એસ.રૂપારેલ દ્વારા મુખ્યમંત્રી અને જીલ્લા કલેકટરને લેખીત રજુઆત કરવામાં આવી છે.

વેરાવળ સોમનાથ જોડીયા શહેરમાં ચોમેર ફેલાયેલી ગંદકીને લઈ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સરકાર અને તંત્રને કરેલ રજુઆતમાં એડવોકેટ રૂપારેલના જણાવ્યા મુજબ શહેરની મધ્યે જુની કોર્ટના મુખ્ય રસ્તા ઉપર પાલિકાના સફાઈકર્મીઓ દરરોજ સવાર-સાંજ આશરે ૨૦ થી ૩૦ ટ્રોલી અન્ય સ્થળેથી એકત્ર કરેલ ગટરનો તથા અન્ય ગંદો કચરો ટ્રોલીઓમાં ભરીને જાહેરમાં નાંખીને ગંદકી ફેલાવી રહ્યા છે. આ કર્મીઓને રસ્તા પર કચરો નાંખવાની ના પાડતા હોવા છતાં માનતા ન હોવાથી રોગચાળો ફેલાવી રહ્યા છે.

આ અંગે પાલીકામાં ફરીયાદ કરવા છતાં કાયમી માટે કોઈ ઉકેલ લાવી રહ્યા નથી. આમ સફાઈ રાખવાની જેની ફરજ છે તે પાલીકાના કર્મીઓ જ ગંદકી ફેલાવતા હોય તો ફરીયાદ કોને કરવી ? આવું પણ ત્યારે થઈ રહ્યુ છે જ્યારે ગુજરાત મ્યુન્સીપાલિટી એક્ટ હેઠળ જાહેર રસ્તા ઉપર કચરો નાંખવા બદલ દંડની જોગવાઈ છે. જેથી આવી રીતે જાહેરમાં ગંદકી ફેલાવવાનું બંધ થાય અને આ રસ્તો ચોખો ચણાટ કરવામાં આવે તેવી માંગણી છે. અત્રે નોંધનીય છે કે, જોડીયા શહેરના ઘણા વિસ્તારોમાં સફાઈકર્મીઓ જ ગંદકી ફેલાવતા જોવા મળે છે. ત્યારે સફાઈ પાછળ દર મહિને કરવામાં આવતા લાખો રૂપીયાનો ખર્ચ એળે જઈ રહ્યો છે. જેને ધ્યાને લઈ ઉપરી કક્ષાએથી જોડીયા શહેરમાં સારી રીતે વાસ્તવિક સફાઈ કામગીરી થાય તેનું આયોજન સાથે મોનીટરીંગ થવું જરૂરી છે.

# રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી દ્વારા શાસ્ત્રીય સંગીત શિબિર તાલીમનું આયોજન

## શાસ્ત્રીય સંગીત શીખવા માગતા નવોદિત કલાકારો માટે ઉતમ તક

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ ખાતે રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જૂનાગઢ સંચાલિત સુગમ શાસ્ત્રીય સંગીત તાલીમ શિબિર નવોદિત કલાકારોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના ઉદ્દેશ્યથી યોજનાર છે. આ તાલીમ શિબિરમાં રૂચિ ધરાવતા ૬ થી ૩૫ વર્ષની ઉમરના યુવક અને યુવતીઓ નિયત અરજી ફોર્મ ભરી તાલીમ મેળવી શકશે. અરજી ફોર્મ જૂનાગઢ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી મેળવવાના રહેશે. આ અરજી ફોર્મ તારીખ ૧૦/૭/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી અરજીઓને ધ્યાનમાં લેવામાં આવશે નહી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર જો પુલ તૂટી પડે તો પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની ગંધ આવે

વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર અને વિલંબ બંને અક્ષમ્ય છે. બિહારમાં કે અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રણ નિર્માણાધીન પુલ ધસી પડ્યા છે, થોડા જ મહિનામાં ત્યાં સાત પુલ તૂટી ગયા છે. આ દર્શાવે છે કે નિર્માણમાં ઉતરતી કક્ષાની સામગ્રીનો ઉપયોગ થયો અને જવાબદાર લોકો આંખો મીંચી રહ્યા. બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં રવિવારે એક નિર્માણાધીન નાનો પુલ તૂટી પડ્યો, જે રાજ્યમાં એક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રીજી એવી ઘટના છે. એના પહેલાં મંગળવારે અરરિયા જિલ્લામાં લગભગ ૧૮૦ મીટર લાંબો નવનિર્મિત પુલ ધસી પડ્યો હતો. કમાલ છે કે કરોડોના એસ્ટીમેટથી પુલ નિર્માણનાં કામ થાય છે, ત્યારબાદ પણ જો પુલ તૂટી પડે તો પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની ગંધ આવે છે. ક્યારેક કોઈ પુલનું તૂટવું દુર્ઘટના હોઈ શકે છે, પરંતુ નિર્માણ દરમ્યાન જ કે નિર્માણના તરત બાદ પુલ તૂટી જવો ભ્રષ્ટાચારનો જ સંકેત કરે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર કદાચ કડક પ્રશાસન આપવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, તેમની સરકારમાં સતત પુલોનું આ રીતે તૂટી પડવું, તેમના નાક નીચે ચાલી રહેલા ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

બિહાર સરકારે પુલ સહિત તમામ વિકાસ કાર્યોની ગહન સમીક્ષા કરવી જોઈએ, નિર્માણની ગુણવત્તા માટે ઉચ્ચ સ્તરના પેરામીટર બનાવવા જોઈએ, ભ્રષ્ટાચારમાં લિપ્ત દોષીઓ વિરુદ્ધ સજા સુનિશ્ચિત કરવી જોઈએ. આ રીતે પુલ ધસતા રહ્યા તો નીતિશ સરકારની છબિ ભ્રષ્ટ સરકારની બની જશે. ખાસ વાત એ છે કે બિહારમાં કેન્દ્ર સરકારની પણ કેટલીય મોટી પરિયોજનાઓ ચાલી રહી છે, જો સ્થાનિક સ્તરે તેમાં પણ ભ્રષ્ટાચાર થશે તો તેનાથી સરકારી રાજસ્વનું નુક્સાન તો થશે જ, સાથે જ સડક, પુલ જેવી જાહેર ઉપયોગ કરનારા લોકોને જાનમાલનું નુક્સાન પણ થશે. સડક પુલ જેવા વિકાસ કાર્યોમાં દેશભરમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે. આ એક ગંભીર બાબત છે, તેને સરકારે, નિર્માણ કરાવનારી સરકારી એજન્સીઓએ ગંભીરતાથી લેવી જોઈએ. એવા જ બુનિયાદી માળખા ક્ષેત્રની ૧૫૦ કરોડ રૂપિયા કે તેનાથી વધુના ખર્ચવાળી ૪૫૮ પરિયોજનાઓનો ખર્ચ આ વર્ષે મે સુધી નક્કી અનુમાનથી ૫.૭૧ લાખ કરોડ રૂપિયાથી વધી ગઈ છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબ અને અન્ય કારણોસર આ પરિયોજનાઓમાં ખર્ચ વધ્યો છે. મંત્રાલયના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારની ૧૮૧૭ પરિયોજનાઓમાંથી ૪૫૮નો ખર્ચ વધી ગયો છે, જ્યારે ૮૩૧ અન્ય પરિયોજનાઓ વિલંબથી ચાલી રહી છે. વિલંબને કારણે પરિયોજનાઓનો ખર્ચ ૨૦.૭૦ ટકાનો એટલે કે આશરે ૫૭૧૦૮૦ કરોડ રૂપિયા વધી ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબથી ચાલી રહેલી ૮૩૧ પરિયોજનાઓમાંથી ૨૪૫ પરિયોજનાઓ એક મહિનાથી ૧૨ મહિના, ૧૮૮ પરિયોજનાઓ ૧૩ થી ૨૪ મહિલનાની, ૨૭૧ પરિયોજનાઓ ૨૫ થી ૬૦ મહિના અને ૧૨૭ પરિયોજનાઓ ૬૦ મહિનાથી વધુ વિલંબથી ચાલી રહી છે. આ ૮૩૧ પરિયોજનાઓમાં વિલંબની સરેરાશ ૩૫.૧ મહિનો છે! વિકાસ પરિયોજનાઓ સમયસર પૂરી થાય તે જરૂરી છે, તેનાથઈ ખર્ચ વધવા રૂપે સરકાર પર વધારાનો બોજ નહીં વધે. પરિયોજનાઓમાં વિલંબ પાછળ પણ ભ્રષ્ટાચાર એક કારણ છે. વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કઠોર નિયમ બનાવવા અને લાગુ કરવા પડશે.

# તિર્થ કન્યા કેળવણી એજયુકેશન ટ્રસ્ટ પ્લાસવા દ્વારા વૃક્ષારોપણ



જૂનાગઢ તા. ૩

તિર્થ કન્યા કેળવણી એજયુકેશન ટ્રસ્ટ પ્લાસવા દ્વારા તા.૨૭-૬-૨૪ ને શનિવારના રોજ ટ્રસ્ટીશ્રી અને સભ્યોની હાજરીમાં છાત્રાલયની આજુબાજુના વિસ્તારમાં અને પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપેલ હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જો રોટી મળે તો બધા દુઃખ સહન થઈ શકે છે.

- સવૈન્દીજ૧૧૧

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૧૨ પ્રદોષ, તેરસનો ક્ષય છે તા.૩ જુલાઈ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૬, રોહિણી નક્ષત્ર, શૂળ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન:ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક:મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

# ઓખા મંડળમાં વરસાદની શરૂઆત થતાં PGVCLનાં વિજપોલ ધરાશાઈ થવાનો



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

ઓખામંડળનાં પાડલી આરંભડા વચ્ચે રોડની બન્ને બાજુએ વિજપોલની લાઈનો આવેલી છે. આરંભડા થી ચરકલા નવો પહોળો રોડ બનતાં નવા વિજપોલ ઉભા કરાયા છે. બે દિવસ પહેલાનાં સામાન્ય વરસાદ અને પવનને લીધે ઉપરોક્ત રોડ પરનાં સાતેક વિજપોલ જમીન પર ધરાશાઈ થઈ ગયા હતા. જમીન પર પડેલા વિજપોલની હાલત જોતા એવું લાગે છે કે આ વિજપોલને જમીનમાં ઉંડો ખાડો ખોદીને મજબુતાઈ થી ખોડવાને બદલે માત્ર તારનાં ટેકે ઊભો કરેલ હશે. માટીનાં ભાગ વાળી જમીનમાં વિજપોલને પથ્થરો અથવા સિમેન્ટથી મજબુતાઈ આપવાને બદલે કોન્ટ્રાકટરે લોટ પાણીને લાકડા સમાન કામ કર્યું હોય તેવું માલૂમ પડે છે. આ ઉપરાંત ધરાશાઈ થયેલ વિજપોલની સામેની સાઈડમાં પણ ૨થી ૩ વિજપોલ નમી ગયેલ છે. જો વરસાદ અને થોડો વધુ પવન આવે તો આ વિજપોલ ગમે ત્યારે પડી જવાની શક્યતા છે.

છેલ્લા થોડા મહિનાઓથી જે રીતે ઓખામંડળમાં નવા રોડ? બને? છે ત્યારે નડતરરૂપ વિજપોલ ને દૂર કરી નવા વિજપોલ ઉભા કરાયા છે તેમાં કામની ગુણવત્તા અને નિયમોને નેવે મુકાયા છે એ વાતનકારી ન શકાય.પ્રજાની જાનનું જોખમ રહેલું હોય તેવા જોખમી કામોમાં બેદરકારી જણાય ત્યારે ઓખામંડળની PGVClની કચેરીઓમાં બેઠેલા કાર્યપાલક ઈજનેર,નાયબ કાર્યપાલક ઈજનેર કે જુનિયર ઈજનેરની કોઈ જવાબદારી ફીક્સ થાય કે નહીં??તેવો સવાલ વિજ ગ્રાહકો અને પ્રજામાં ઉઠી રહ્યો છે. આ ઉપરાંત સો મણનો સવાલ એ છે કે જિલ્લા કક્ષાએ બેઠેલા ઈલેક્ટ્રીક ઈન્સ્પેક્ટરની પણ કંઈ જવાબદારી હોય કે નહીં.

# કોડીનારના ડોળાસા ગામે નેશનલ હાઈવેની મનમાનીના કારણે ખેતરો અને શાળાના મેદાન માં પાણી ભરાયા



(નીરવ ગઢીયા દ્વારા)

ડોળાસા તા.૩

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે હાલ બાયપાસ નુ કામ ચાલી રહ્યું છે.આ કામગીરી દરમ્યાન લોકો નું ખાસ કરીને ખેડૂતો ની તકલીફ સમજવા નો પણ પ્રયાસ થતો નથી.. અને શાળાએ ભણવા આવતા બાળકો ની સમસ્યાઓ ની પણ દરકાર લેવાઈ નથી.જેના કારણે હાલ ડોળાસા ના કેટલાયે ખેડૂતો ના ખેતર માં પાણી ભર્યા છે.તેમાંય ગોવિંદભાઈ કાનાભાઈ ડોડીયા નું ખેતર તો તળાવ ની જેમ પાણી થી લબા લબ ભર્યું છે.તો સોમનાથ એકેડેમી ના મેદાન માં પણ પાણી ભર્યું છે.તેના માટે માત્ર અને માત્ર ડોળાસા બાય પાસ ની કામગીરી અને અધિકારીઓ ની લાપરવાહી જ જવાબદાર છે.

ડોળાસા ગામે હાલ બાયપાસ નું કામ ચાલુ છે.પણ તેનાથી લોકો ને ખાસ કરીને ખેડૂતો અને શાળા ના બાળકો ને કેટલી તકલીફ પડી રહી છે તે બાબત નું લેશ માત્ર ધ્યાન આપવા માં આવ્યું નથી.ડોળાસા માં હાલ જે પ્રશ્નો ઊભા થયા છે તે માત્ર નેશનલ હાઈવે ની જ દેન છે.ચીખલી અને લેરકા રોડ પર બનેલા ઓવરબ્રિજ ની પાણી ભરાય છે.દત આશ્રમ ની આજુ બાજુ ના ખેતરો માં પાણી ભરાય છે વિગેરે પણ આજે ડોળાસા ના કોડીનાર રોડ પર આવેલ બાયપાસ ના છેડે શુ સમસ્યા સર્જાય છે ? તેની હકીકત જણાવવી છે . કોડીનાર તરફ થી ડોળાસા આવતા બનેલા બાયપાસ ની ઊંચાઈ દસ ફૂટ છે.અહી ચોમાસા ની પાણી ક્યાં જશે ? તેવી ખેડૂતો ની વાત ને ધ્યાને જ લેવામાં આવી નથી.અહી નાળું તો મૂકવા માં આવ્યું છે.પણ પાણી આગળ જાય તેમજ નથી.તેનું યોગ્ય નિરાકરણ લાવવા ના બદલે નેશનલ હાઈવે ના અધિકારીઓ બાયપાસ ના કામ માં જ રચ્યા પચ્યા રહ્યા અને ચોમાસા ની ધમાકેદાર શરૂઆત થઈ ચાર દિવસ માં સાડા દસ ઈંચ વરસાદ થયો અને ૧ જુલાઈ ના રોજ એકજ દિવસ માં પાચ ઈંચ વરસાદ થતાં ચારે બાજુ જળ બંબાકાર થયું આ બાયપાસ નજીક પાણી જમા થયું જેમાં ગોવિંદભાઈ કાનાભાઈ ડોડીયા નું ખેતર તો તળાવ માં ફેરવાઈ ગયું.તો બાજુ માં આવેલ સોમનાથ એકેડેમી ના મેદાન માં પાણી ભર્યું છે.આ શાળા ના બાળકો ને શાળાએ જવા ગોઠણડૂબ પાણી માંથી પસાર થવું પડે છે. નેશનલ હાઈવે ના અધિકારીઓ હાલ બાયપાસ નું કામ છોડી ડોળાસા ગામ ના લોકો .,ખેડૂતો..બાળકો ની સમસ્યા દૂર કરવા તુરત યોગ્ય કાર્યવાહી હાથ ધરાઈ તેવી માંગ છે.લોકો ની ધીરજ ખૂટે તે પહેલાં આ સમસ્યાઓ નું નિરાકરણ થાય તે અત્યંત જરૂરી છે.

# માંગરોળ : સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટે જગ્યા ફાળવાઈ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

આઝાદીના ૭૭ વર્ષ બાદ માંગરોળના સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટે જગ્યા ફાળવવામાં આવી છે. ૧૯૮૮માં પોરબંદરના નાયબ કલેકટરે માંગરોળના બ્રહ્મ સમાજ અને વણિક સમાજને દરીયા કિનારે સરકારી સર્વે નંબર ૧૬૫૪માંથી ૨૫ ગુઠા જમીન આ બંન્ને સમાજોના સ્મશાન માટે નીમ કરેલ હતી. પરંતુ સમસ્ત હિન્દુ સમાજનુ કોઈ સ્મશાન ન હોય, મૃતકની અંત્યેષ્ટિ સમયે લોકોને પડતી હાલાકી બાબતે અનેક રજૂઆતો બાદ પ્રાંત અધિકારીએ વધુ ૧૫ ગુઠા જમીન નીમ કરવાનો હુકમ કર્યો છે.

માંગરોળમાં સ્મશાનના પ્રશ્ને હિન્દુ સમાજના લોકો શરૂઆતથી જ પારાવાર હાલાકી ભોગવતા હતા. જે તે સમયે ઉપયોગમાં લેવાતા સ્મશાનની જર્જરિત હાલત અને ડાઘુઓને પડતી હાલાકીઓ અંગે સ્થાનિક આગેવાનોએ અનેકવાર ન.પા.ના અધિકારી, પદાધિકારીઓ અને ઉચ્ચ કક્ષાએ અનેક રજૂઆતો કરી હતી. આ સમસ્યા અંગે આમ આદમી પાર્ટીના મહાવીરસિંહે પણ ગત ૨૦૨૩માં શહેરની સમસ્યાઓ અંતર્ગત સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટેનો પ્રશ્ન ઉઠાવી સ્મશાનની જગ્યા ફાળવી ઈલેક્ટ્રીક ભઠ્ઠી સહિતની સગવડ સાથે સ્મશાન ઉભું કરવા કલેકટર, ધારાસભ્ય, જીલ્લા પ્રભારી સચિવ, ચિફ ઓફીસર, પ્રાંત અધિકારી કેશોદ, પ્રાદેશિક પાલીકા કમીશ્નર ભાવનગર સહિતનાઓ સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. દરમ્યાન તત્કાલીન ચીફ ઓફિસર દેવીબેન ચાવડાએ પણ મામલતદાર સમક્ષ સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટે જગ્યા ફાળવવા માંગણી મુકી હતી. ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાએ પણ સ્મશાન બાબતે અંગત રસ લઈ જગ્યાની ફાળવણી માટે પ્રયત્નો હાથ ધર્યા હતા.

અંતે માંગરોળ બંદરે દરીયા કિનારે આવેલી સ્મશાનની જગ્યાની આસપાસ વધુ ૧૫ ગુઠા જમીન ફાળવી બ્રહ્મ સમાજ અને વણિક સમાજની લેખિત સંમતિ મેળવી હાલની આ બંન્ને સમાજ માટે નિમ કરાયેલ સ્મશાનની સાથે વધુ ૧૫ ગુઠા જમીન જોડી કુલ ૪૦ ગુઠા જમીન સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટે ફાળવવાની મામલતદાર કચેરી માંગરોળની દરખાસ્ત સ્વિકારી, વધારાની ૧૫ ગુઠા જમીન સહિતની જમીન સમસ્ત હિન્દુ સમાજના સ્મશાન માટે નિમ કરતો હુકમ પ્રાંત અધિકારી કેશોદે કરતા વર્ષોની પ્રતિક્ષા બાદ માંગરોળના સમસ્ત હિન્દુ સમાજના લોકોને દરીયા કિનારે જ અડધો વિઘા જેટલી જમીન પ્રાપ્ત થતાં હવે નગરપાલિકા દ્વારા તેમાં સરકારી ગ્રાન્ટના નાણાં વાપરી આધુનિક વિદ્યુત ભઠ્ઠી સાથે આધુનિક સ્મશાનની સુવિધા ઉપલબ્ધ કરાવી શકશે. જગ્યાની ફાળવણી બાદ ઝડપથી બેઠક વ્યવસ્થા, ઈલેક્ટ્રીક ભઠ્ઠી, લાકડા, ચિતા ઠારવા ઈલેકટ્રીક સબ મર્સિબલ મોટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગ ઉઠી છે.

# એશિયન ગેમ્સમાં યોગાસનનો સમાવેશ થવા બદલ GYSA સેક્રેટરી ઉમંગ ડોનસર તેમજ DYSA કોર્ડીનેટર લખન વારોતરિયાએ આ ઐતિહાસિક




(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

હાલ એશિયન ગેમ્સમાં યોગાસનનો સમાવેશ કરવામાં આવ્યો છે.યોગ પ્રેમીઓ અને યોગ પ્લેયરની આતુરતાનો અંત આવ્યો સૌ કોઈ આ નિર્ણયનો હર્ષ ઉલ્લાસ સાથે વધાવી રહ્યું છે ત્યારે યોગાસન ગુજરાતના જનરલ સેક્રેટરી ઉમંગભાઈ ડોને આ પ્રશંસનીય નિર્ણય ને વધાવતા કહ્યું કે આ એક સકારાત્મક પગલું છે જે ભવિષ્યની યુવા યુગ પેઢીને ખૂબ જ પ્રોત્સાહિત કરશે. દેવભૂમિ દ્વારકા યોગાસન કોર્ડીનેટર લખનભાઈ વારોતરીયા એ આ ઐતિહાસિક નિર્ણય બદલ સૌને શુભેચ્છા પાઠવી છે.યોગાસન ભારતના પ્રેસિડેન્ટશ્રી ઉદિત શેઠસર દ્વારા જણાવવામાં આવ્યું કે એશિયન ગેમ્સમાં યોગાસનને સ્પર્ધાત્મક રમત તરીકે સામેલ કરવાના તેમના ઐતિહાસિક નિર્ણય બદલ એશિયન ઓલિમ્પિક કાઉન્સિલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરતાં મને આનંદ થાય છે. એશિયન ગેમ્સમાં યોગાસનનો કરવામાં આવેલો સમાવેશ યુવા પેઢીને યોગને એક રમત તરીકે નહીં પરંતુ યોગ જીવનના માર્ગ તરીકે અપનાવવા માટે પ્રોત્સાહિત કરશે.અમે પી.એમ શ્રી નરેન્દ્ર મોદીજી, રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવિયાજી, રાજા રણધીરજી અને ડૉ.પી.ટી ઉષાજીનો તેમના અવિચલિત સમર્થન અને સક્રિય પ્રયાસો માટે નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.યોગાસન સ્પોર્ટ પરિવારના અમારા તમામ હિતધારકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચોરવાડના વિલાસ બેન ઠક્કરે દેહદાન અને અંગ દાનનો સંકલ્પ કર્યો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

ચોરવાડ નિવાસી વિલાસ બેન જેન્તીલાલ ઠક્કર દ્વારા પોતાની જીવન લીલા પુર્ણ થયે માનવ કલ્યાણ અને પરોપકાર અર્થે જુનાગઢ સિવિલ હોસ્પિટલ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ને દેહદાન નું સંકલન પત્ર શિવમ્ ચક્ષુદાન -આરેણા ના માધ્યમ થી અર્પણ કર્યું છે.

જ્યારે અંગ દાન નું સંકલન પત્ર આપણા વિસ્તાર ના ગૌ સેવક અને વિલાસ બેન ના ભત્રિજા એવા નયન ભાઈ ઠક્કર ના હસ્તે શિવમ્ ચક્ષુદાન -આરેણા ને અર્પણ કર્યું છે. વિલાસ બેન ઠક્કર એ જણાવ્યું છે કે આ દેહ ની હયાતિમા શક્ય એટલું સદ્ કર્મ થયું છે, પરંતુ દેહ વિલિન થાય ને જીવ શિવ મા મળે એ સમયે પણ માનવ કલ્યાણ અર્થે સદ્ કર્મ થાય એવા આસય થી હું મારા દેહદાન અને અંગ દાન નો સંકલ્પ આપને મારા ભત્રિજા નયન ભાઈ ઠક્કર ની હાજરી માં આપને અર્પણ કરું છું. વિલાસ બેન ના સંકલ્પ પત્ર શિવમ્ ચક્ષુદાન -આરેણા પરિવાર વતિ સચિન ભાઈ જોટવા દ્વારા સ્વિકારવા મા આવ્યું છે.

# વેરાવળના વેપારીઓ વરૂણદેવને રીઝવવા સોમનાથ સુધીની પદયાત્રા કરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળ જથ્થાબંધ અનાજ કિરાણા વેપારી એસોસિયેશન મંડળ દ્વારા વેરાવળ થીં સોમનાથ સુધી ની પદયાત્રા યોજેલ જેમાં રામધુન બોલતા સોમનાથ મંદિરે પહોંચેલ જયાં વરૂણ દેવ મનમુકીને વરસે તે માટે મહાદેવને પ્રાર્થના કરેલ હતી. આ યાત્રામાં જોડાયેલા વેપારીઓનું રસ્તામાં સ્વાગત કરવામાં આવેલ હતું.

ગીર સોમનાથ જીલ્લાના તાલુકામાં સાર્વત્રીક વરસાદ હોય પરંતુ વેરાવળ-સોમનાથ વિસ્તારમાં વરસાદ ઓછો હોય ત્યારે મેઘરાજા મન મુકીને વરસે તે માટે વેરાવળ થી સોમનાથ સુધી વેપારીઓ દ્વારા પદયાત્રા યોજેલ હતી. જેમાં વેપારી અગ્રણી અશોકભાઈ ગદા, ચંદ્રકાંતભાઈ લાખાણી, મીતુલભાઈ ચંદ્રાણી, નરેશભાઈ મોહનાણી સહીતના વેપારીઓ જોડાયેલ હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ વેરાવળ થીં સોમનાથ સુધીની પદયાત્રા આજે બપોરે વખારીયા બજારમાં આવેલ શ્રી સુરજ કુંડ ખાતેથી પ્રસ્થાન થયેલ જે ડી.જે. નાં સથવારે, રામ ધૂન ગાતા ભીડીયા થઈ સોમનાથ પહોંચેલ જયાં સર્વે વેપારી મિત્રો તેમજ પદયાત્રીઓએ વરૂણદેવ મનમુકીને વરસે તે માટે સોમનાથ મહાદેવને પ્રાર્થના કરેલ હતી.

# બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ તથા સિનિયર સિટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે તારીખ તા.૩૦-૬-૨૦૨૪ના રોજ જયેશભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે સિનિયર સિટીઝન માટે સંગીત સંધ્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાના હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, વિનુભાઈ પારેખ, કિરીટભાઈ રાજપરા વગેરે ખાસ ઉપસ્થિત રહેલ હતા. બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય તથા સુરેશભાઈ મારૂ દ્વારા મનસુખભાઈ વાજાનું સન્માન કરવામાં આવેલ હતું.

# બેટ દ્વારકા ના પાર્કિંગની દિવાલ પહેલા વરસાદમાં જ ધરાશાયી



## વિકાસ કાર્યોની ગુણવત્તા સામે ઉઠતાં સવાલ

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા. ૩

બેટ દ્વારકામાં તાજેતરમાં સુદર્શન સેતુ સાથે જ નિર્માણ પામેલ પાર્કિંગની દિવાલાનો મોટો હિસ્સો મોસમના પહેલા વરસાદના રાઉન્ડમાં જ ધરાશાયી થઈ ગયો છે થોડા માસ પૂર્વે જ બેનમૂન અને આઈકોનિક સુદર્શન સેતુ (સિગ્નેચર બ્રીજ) નું પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયા બાદ તેની સંલગ્ન બેટ દ્વારકા પાર્કિંગ નું પણ નિર્માણ કરાયું હતું.આ પાર્કિંગની દિવાલનો મોટો હિસ્સો પહેલા વરસાદમાં જ ધોવાઈ જતાં વિકાસકાર્યોની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા છે

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખાતાકીય પરીક્ષાને લઈને તૈયારીઓનો ધમધમાટ

## જૂનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક માટે પરીક્ષાનું આયોજન કરાશે

અમદાવાદ, તા.૩

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી દિવસોમાં જૂનિયર ક્લાર્ક અને સિનિયર ક્લાર્ક માટેની ખાતાકીય પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઉપરાંત પટાવાળા વર્ગ૪માંથી ક્લાર્ક વર્ગ-૩માં બઢતી માટેની પણ ખાતાકીય પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઉપરાંત મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક માટે પણ ખાતાકીય પરીક્ષા લેવાશે. જેથી આ પરીક્ષા માટે જિલ્લામાંથી લાયકાત ધરાવતા ઉમેદવારોની સંખ્યાની વિગતો મંગાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગનાં ઠરાવ અન્વયે શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું નક્કી કરવામાં આવેલું છે. આ ઉપરાંત બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર ક્લાર્ક માટેની લોઅર લેવલની ખાતાકીય પરીક્ષા અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાઓ પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ લેવામાં આવનાર છે. રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા, વર્ગ-૪માંથી જુનિયર ક્લાર્ક વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પણ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું ઠરાવેલું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક (સરકારી શાળાઓ) માટેની ખાતાકીય પરીક્ષા, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર કલાર્ક માટે લોઅર લેવલની અને સિનિયર કલાર્ક માટે હાયર લેવલની ખાતાકીય પરીક્ષા તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા વર્ગ-૪માંથી જૂનિયર કલાર્ક વર્ગ-૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓનું આયોજન આગામી સમયમાં થશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષાનું આયોજન કરવાનું હોવાથી જે તે જિલ્લામાંથી આ પરીક્ષામાં બેસવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની અંદાજિત સંખ્યા માંગવામાં આવી છે. જેથી પરીક્ષાનું યોગ્ય રીતે આયોજન કરી શકાશે. રાજ્ય પરીક્ષા બોર્ડના પત્ર બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાબા હેઠળની સ્કૂલોને પત્ર લખી વિગતો માંગવામાં આવી છે. જેમાં આગામી ૩ દિવસમાં ઉમેદવારોની સંખ્યા સહિતની વિગતો મોકલવા તાકીદ કરવામાં આવી છે.

# ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ ૧ લાખથી વધુ પ્રજાતિઓની પ્રાણીસૃષ્ટિની યાદી બહાર પાડી

(એજન્સી) તા.૩

ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)એ તાજેતરમાં ભારતના પ્રાણીસૃષ્ટિની એક યાદી બહાર પાડી છે, જેમાં ૧,૦૪,૫૬૧ પ્રજાતિઓને આવરી લેવામાં આવી છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે આ પ્રકારની યાદી તૈયાર કરનાર ભારત પ્રથમ દેશ છે. ZSIના ૧૦૯મા સ્થાપના દિવસે કોલકાતામાં એનિમલ ટેક્સોમની સમિટ ૨૦૨૪ના ઉદ્‌ઘાટન દરમ્યાન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ ભારતના પ્રાણીશાસ્ત્રીય સર્વેક્ષણના નિર્દેશક ધૃતિ બેનર્જી સાથે હાજર રહ્યા હતા. યાદવે કોલકાતામાં ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ૧૦૯મા સ્થાપના દિવસના અવસરે ફૌના ઓફ ઈન્ડિયા ચેકલિસ્ટ પોર્ટલ લોન્ચ કર્યું હતું. તેમણે કહ્યું કે, ભારતના પ્રાણીસૃષ્ટિ માટે ચેકલિસ્ટ પોર્ટલ એ ભારતમાંથી નોંધાયેલ પ્રાણીસૃષ્ટિ ઉપરનો પ્રથમ વ્યાપક દસ્તાવેજ છે. વર્ગીકરણશાસ્ત્રીઓ, સંશોધકો, શિક્ષણવિદો, સંરક્ષણ પ્રબંધકો અને નીતિ નિર્માતાઓ માટે ફૌનલ ચેકલિસ્ટ એક અમૂલ્ય સંદર્ભ છે. તેમાં ૩૬ ફાયલાને આવરી લેતા તમામ ટેક્સાની ૧૨૧ ચેકલિસ્ટનો સમાવેશ થાય છે. તેમાં સ્થાનિક, જોખમી પ્રજાતિઓનો પણ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતમાં નોંધાયેલી ૪૫૫ સસ્તન પ્રાણીઓમાંથી મેઘાલય (૧૬૩ પ્રજાતિઓ), પશ્ચિમ બંગાળ (૧૬૧ પ્રજાતિઓ), અરૂણાચલ પ્રદેશ (૧૪૨ પ્રજાતિઓ), તમિલનાડુ (૧૩૯૨ પ્રજાતિઓ), આસામ (૧૩૮ પ્રજાતિઓ), સિક્કિમ (૧૩૭ પ્રજાતિઓ) અને કેરળ (૧૩૭ પ્રજાતિઓ); કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી વધુ સસ્તન પ્રાણીઓની વિવિધતા આંદામાન અને નિકોબાર ટાપુઓ (૬૮ પ્રજાતિઓ), લદ્દાખ (૫૯ પ્રજાતિઓ) અને દિલ્હી (૩૮ પ્રજાતિઓ) છે. ચેકલિસ્ટ અનુસાર, ભારતમાં ૫૨ સ્થાનિક સસ્તન પ્રાણીઓની પ્રજાતિઓમાંથી, તમિલનાડુ (૨૩ પ્રજાતિઓ), કર્ણાટક (૧૯ પ્રજાતિઓ) અને કેરળ (૧ પ્રજાતિઓ) દેશમાં સ્થાનિક પ્રજાતિઓની સંખ્યા છે. તામિલનાડુ, કેરળ, કર્ણાટક અને આંદામાન અને નિકોબાર ટાપુઓના પશ્ચિમ ઘાટ પર્વતીય વિસ્તારમાંથી લેટિડેન્સ અને નીલગિરિટ્રાગસ જેવી ત્રણ જાતિઓ છે અને તે માત્ર ભારતમાં જ જોવા મળે છે. ભારતમાં ૧,૩૫૮ પક્ષીઓની પ્રજાતિઓમાં, ૭૯ એવી છે જે સ્થાનિક છે, એટલે કે તેઓ વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતા નથી. પશ્ચિમ ઘાટના જૈવ-ભૌગોલિક ક્ષેત્રમાં આ પ્રજાતિઓની સૌથી વધુ સંખ્યા ૨૮ છે, જેમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ સૌથી મહત્વપૂર્ણ વિસ્તાર છે.

# ભારતમાં નવા ફોજદારી કાયદા અંગેના ૧૦ મહત્ત્વના મુદ્દા

**૧ જુલાઈથી દેશભરમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાગુ થયો છે. જે ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફાર કરશે અને સંસ્થાનવાદી યુગના કાયદાઓ, ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યવાહી સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમનું સ્થાન લીધું છે.**



નવી દિલ્હી તા.૩

**નવા ફોજદારી કાયદાનો હેતુ આધુનિક ન્યાય પ્રણાલી લાવવાનો છે. ટોચના ૧૦ ફેરફારો વિશે જાણો**

૧. ટ્રાયલ સમાપ્ત થયાના ૪૫ દિવસની અંદર ફોજદારી કેસનો ચુકાદો આપવાનો રહેશે. પ્રથમ સુનાવણીના ૬૦ દિવસની અંદર આરોપો ઘડવાના રહેશે. તમામ રાજ્ય સરકારોએ, સાક્ષીઓની સુરક્ષા અને સહકાર સુનિશ્ચિત કરવા માટે સાક્ષી સુરક્ષા યોજનાઓ લાગુ કરવી પડશે.

૨. પીડિતાના વાલી અથવા સંબંધીની હાજરીમાં જ મહિલા પોલીસ અધિકારી દ્વારા બળાત્કાર પીડિતાના નિવેદનો નોંધવાના રહેશે. મેડિકલ રિપોર્ટ સાત દિવસમાં પૂરો કરવાનો રહેશે.

૩. કાયદામાં એક નવું પ્રકરણ મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓને સંબોધિત કરે છે. બાળકને ખરીદવું અથવા વેચવું એ જઘન્ય અપરાધ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, જે સખત દંડ દ્વારા સજાપાત્ર છે. સગીર સાથે ગેંગરેપમાં મૃત્યુદંડ અથવા આજીવન કેદ થઈ શકે છે.

૪. કાયદામાં હવે એવા કિસ્સાઓ માટે સજાનો સમાવેશ થાય છે કે, જ્યાં લગ્નના ખોટા વચનો આપીને મહિલાઓને ગેરમાર્ગે દોરીને તરછોડી દેવામાં આવે છે.

૫. મહિલાઓ વિરૂદ્ધ ગુનાઓના ભોગ બનનાર, ૯૦ દિવસની અંદર તેમના કેસો અંગે નિયમિત અપડેટ મેળવવા માટે હકદાર છે. તમામ હોસ્પિટલોએ મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓનો ભોગ બનેલાઓને મફત પ્રાથમિક સારવાર અને તબીબી સારવાર પૂરી પાડવી પડશે.

૬. આરોપી અને પીડિતા બંને ૧૪ દિવસની અંદર FIR, પોલીસ રિપોર્ટ, ચાર્જશીટ, નિવેદનો, કબૂલાત અને અન્ય દસ્તાવેજોની નકલો મેળવવા માટે હકદાર છે. કેસની સુનાવણીમાં બિનજરૂરી વિલંબ ટાળવા માટે અદાલતોને વધુમાં વધુ બે મુલતવી રાખવાની છૂટ છે.

૭. પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાની જરૂરિયાતને દૂર કરીને, હવે ઈલેક્ટ્રોનિક સંચાર દ્વારા ઘટનાઓની જાણ કરી શકાય છે. ઝીરો એફઆઈઆરની રજૂઆત વ્યક્તિઓને અધિકારક્ષેત્રને ધ્યાનમાં લીધા વિના કોઈપણ પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહિતી અહેવાલ દાખલ કરવાની મંજૂરી આપે છે.

૮. ધરપકડ કરાયેલ વ્યક્તિને તેમની પસંદગીની વ્યક્તિને તેમની પરિસ્થિતિ વિશે જાણ કરવાનો અધિકાર છે, જેથી તેને તાત્કાલિક સમર્થન મળી શકે. ધરપકડની વિગતો પોલીસ સ્ટેશનો અને જિલ્લા મુખ્યાલયોમાં પ્રદર્શિત કરવામાં આવશે જેથી પરિવાર અને મિત્રો સરળતાથી પહોંચી શકે.

૯. ફોરેન્સિક નિષ્ણાતો માટે ગંભીર ગુનાઓ માટે ગુનાના સ્થળોની મુલાકાત લેવી અને પુરાવા એકત્રિત કરવાનું ફરજિયાત છે.

૧૦. 'લિંગ' ની વ્યાખ્યામાં હવે ટ્રાન્સજેન્ડર લોકોનો સમાવેશ થાય છે. મહિલાઓ સામેના અમુક ગુનાઓ માટે, શક્ય હોય ત્યારે મહિલા મેજિસ્ટ્રેટ દ્વારા પીડિતાના નિવેદનો નોંધવા જોઈએ. જો અનુપલબ્ધ હોય, તો પુરૂષ મેજિસ્ટ્રેટે મહિલાની હાજરીમાં નિવેદન નોંધવું આવશ્યક છે. બળાત્કાર સંબંધિત નિવેદનો ઓડિયો-વિડિયો માધ્યમથી રેકોર્ડ કરવાના રહેશે.

# ગુજરાતમાં જીએસટીના અમલીકરણને સાત વર્ષ પૂરા થયા રાજ્યમાં છેલ્લા સાત વર્ષમાં એક લાખ કરોડનું બોગસ બિલિંગ પકડાયું !

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં જીએસટીના અમલીકરણને સાત વર્ષ પૂરા થયા છે ત્યારે આ સાત વર્ષમાં અત્યાર સુધીમાં લગભગ એક લાખ કરોડનું બોગસ બિલિંગ પકડાયું છે. આ બોગસ બિલિંગ દ્વારા રાજ્યમાં રૂા.૧૧,૫૦૦કરોડથી વધુ રકમની કરચોરી કરવામાં આવી છે. આ કરચોરી બોગસ બિલિંગ દ્વારા ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવીને કરવામાં આવી છે. આમ ગુજરાતમાં એકબાજુએ જીએસટીનું અમલીકરણ વધુને વધુ અસરકારક રીતે થઈ રહ્યું છે. તેની સામે બીજી બાજુ બોગસ બિલિંગ દ્વારા ખોટી રીતે મેળવવામાં આવતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ચિંતાનો વિષય બની છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના રાજ્યના વ્યાપારી કર વિભાગના ડેટા, આ ચિંતાજનક વલણને દર્શાવે છે. SGST અધિકારીઓએ કરચોરીના મોટા કૌભાંડો પાછળના મુખ્ય સૂત્રધારો સહિત ૧૧૩ વ્યક્તિઓની ધરપકડ કરી છે. સંખ્યાબંધ નિયમોમાં ફેરફારો છતાં, નકલી બિલિંગ કૌભાંડો ચાલુ રહે છે, જેના કારણે નોંધપાત્ર કરચોરી થાય છે અને તિજોરીને નોંધપાત્ર નુકસાન થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિભાગ દ્વારા ચોરી કરાયેલી રકમમાંથી માત્ર ૫%, આશરે રૂા. ૫૫૦ કરોડની વસૂલાત કરવામાં આવી છે. એકલા નાણાકીય વર્ષ ૨૦૨૪માં બોગસ બિલિંગના ૨૭૨૯ કેસો નોંધાયા હતા, જેમાં ટેક્સને છટકાવવા માટે નકલી GST નોંધણીઓ સામેલ હતી. કેસની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે.

# UKની ચૂંટણી : ઋષિ સુનક માટે 'પડદો' પડી જવાની સંભાવના



(એજન્સી) તા.૩

બ્રિટિશ ટાપુઓ માટે એક નવી સવારનો ઈશારો. ૪ જુલાઈના રોજ સામાન્ય ચૂંટણીમાં જાહેર કરવામાં આવનાર પરિણામોમાં આગામી બ્રિટિશ વડાપ્રધાન તરીકે ૬૧ વર્ષીય સર કીર સ્ટારમર લગભગ નિશ્ચિત હોય તેમ લાગે છે. તેઓ ઓક્સફોર્ડ-શિક્ષિત લેબર પાર્ટીના નેતા છે જેને મિડલ ટેમ્પલથી બારમાં બોલાવવામાં આવ્યા હતા. તેઓ જાહેર કાર્યવાહીના પૂર્વ નિયામક પણ હતા. શરૂ કરીને જ્યારે તે ધોધમાર વરસતા વરસાદમાં ભીંજાઈ જવા વચ્ચે ઋષિ સુનકે સામાન્ય ચૂંટણીની ઘોંઘાટભરી આઉટડોર જાહેરાત કરી ત્યારે સરકાર વિરોધી પ્રદર્શનકારીઓ દ્વારા લાઉડસ્પીકર ઉપર વગાડવામાં આવેલા ગીત 'થિંગ્સ કેન ઓન્લી ગેટ બેટર...'ના ઘોંઘાટમાં વચ્ચે તેમનું ભાષણ દબાઈ ગયું, ત્યારે જ વર્તમાન ઋષિ સુનકના નસીબ પણ સાથે સાથે ડૂબી ગયું.

ગયા અઠવાડિયે YouGov પોલમાં સુનકની સરકાર પ્રત્યે બ્રિટિશ જનતાની નારાજગી ૭૧ ટકા હતી અને અસરકારક રીતે આગાહી કરી હતી કે, લેબર હવે કેન્દ્ર-ડાબેરી કરતા વધુ કેન્દ્રવાદી - ૩૨૬ના બહુમતી ચિહ્ન કરતાં રેકોર્ડ ૧૦૦ બેઠકો વધુ જીતી શકે છે અને શાસક જમણેરી- વિંગ કન્ઝર્વેટિવ પાર્ટી ૧૮૩૪માં સ્થાપના થઈ ત્યારથી સામાન્ય ચૂંટણીમાં તેના સૌથી ખરાબ પ્રદર્શનનું સાક્ષી બની શકે છે. આ મુખ્યત્વે એટલા માટે છે કારણ કે, બ્રિટિશ મતદારોએ ૨૦૧૬માં યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળવાનું પસંદ કર્યું ત્યારથી કન્ઝર્વેટિવ્સમાં મતભેદો સર્જાયા છે, વધુમાં તેઓ પોતાને આળસુ અને અસમર્થ હોવાનું સાબિત કરે છે. તેમજ નવી વ્યવહારિક રીતે કટ્ટર જમણેરી રિફોર્મ પાર્ટીએ કન્ઝર્વેટિવ વોટ બેંકમાં ગાબડાં પાડ્યાં છે. ખરેખર જો આગાહીનો અડધો ભાગ પણ સાચો સાબિત થાય તો પણ કન્ઝર્વેટિવ્સ સુનકને પક્ષના નેતા તરીકે બિનસલાહભર્યા રીતે હટાવવા માટે બંધાયેલા છે કારણ કે, માફ ન કરવાની તેમની ઐતિહાસિક પ્રથા રહી છે. આમાં સુનકનો દોષ નથી કારણ કે, જ્યારે તે કે બ્રિટન તેના માટે તૈયાર નહોતા ત્યારે તેમને વડાપ્રધાનના પદ ઉપર બેસાડવામાં આવ્યા હતા પાંચ વર્ષ પહેલાં વડાપ્રધાન તરીકે ચૂંટણી જીતેલા બોરિસ જ્હોન્સને તેમના ઉતાવળા વચનો, તેમની અલોકતાંત્રિક કાર્યશૈલી અને જૂઠું બોલવાની તેમની અસાધ્ય વૃત્તિ સાથે અસંમત એવા વજનદાર કન્ઝર્વેટિવ્સ નેતાઓનાની નિંદા કરી હતી. જ્હોન્સન અને તેના તાત્કાલિક અનુગામી લિઝ ટ્રુસે માત્ર અઠવાડિયામાં એકબીજાને ધૂળ ચાટતા કરી દીધા હોવાથી, કન્ઝર્વેટિવોએ પાર્ટીના રેન્ક અને ફાઈલને સંડોવતા અન્ય સમય માંગી લેતી નેતૃત્વ સ્પર્ધા યોજવાની લકઝરીનો આનંદ માણ્યો ન હતો. ટ્રસ તેના અભૂતપૂર્વ ટૂંકા ૪૫ દિવસના કાર્યકાળ દરમિયાન બ્રિટિશ અર્થતંત્રને તોડી પાડવામાં સફળ રહી હતી. રૂઢિચુસ્ત સાંસદોએ એક પ્રક્રિયા હાથ ધરી હતી જેણે સુનકને આ પદ ઉપર બેસાડી દીધા કે જેઓ જ્હોન્સનના પ્રતાપે તે સમયે નાણામંત્રી હતા અને તે સમયે તેમની એક માત્ર સ્પર્ધા આ પદ માટે પેની મોર્ડાઉન્ટ (હાઉસ ઓફ કોમન્સ અથવા સંસદીય બાબતોના નેતા) સાથે હતી જે તે સમયે એકમાત્ર અન્ય ગંભીર દાવેદાર હતા. જ્હોન્સનની હકાલપટ્ટી પછી ઉત્તરાધિકારની લડાઈમાં ૨૦૨૨ના ઉનાળામાં જ્યારે ટ્રસ અને સુનક સામસામે સામે આવ્યા હતા, જે સુનક હારી ગયા હતા, ત્યારે એક દક્ષિણી કાઉન્ટીઓમાંથી એક કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્ય તરીકે પોતાને ઓળખાવતી એક મહિલાએ લંડનના રેડિયો ટોક શોને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે, સુનક બ્રિટિશ નહોતા. તેને યજમાન દ્વારા તરત જ પડકારવામાં આવ્યા હતા પરંતુ તેમણે સતત એવું રટણ ચાલુ રાખ્યુ હતું કે, ઈમિગ્રન્ટના પુત્રને બ્રિટિશ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય નહીં. તેનો અભિપ્રાય આશ્ચર્યજનક ન હતો, જે સ્વદેશી બ્રિટનના એક વર્ગની લાગણીઓને પ્રતિબિંબિત કરે છે. પૂર્વ આફ્રિકન ભારતીય મૂળના સુનકે મુખ્યત્વે ગોરા, એંગ્લો-સેક્સન, પ્રોટેસ્ટન્ટ (WASP) દેશમાં તેમની હિંદુ આસ્થાનો વારંવાર ઉલ્લેખ કરીને ૨૦૨૩માં કેમ્બ્રિજ ખાતે ઈવેન્ટ દરમ્યાન 'રામ કથા'માં અયોગ્ય રીતે બોલતા પણ પોતાના માટે મુશ્કેલી સર્જી હતી. એડવર્ડ એન્ડરસન તેમના તાજેતરમાં પ્રકાશિત પુસ્તક હિંદુ નેશનલિઝમ ઈન ધ ઈન્ડિયન ડાયસ્પોરામાં લખે છે

આઝાદીના એક વર્ષ પહેલાં (ભારતીય) અને હિન્દુ ઉગ્રવાદી દ્વારા મહાત્મા ગાંધીની હત્યા બાદ આરએસએસના પ્રતિબંધના બે વર્ષ પહેલાં (જગદીશ) શાસ્ત્રી (અમૃતસરની આર્ય સમાજની શાળામાં શિક્ષક) તેમની નવી પોસ્ટ સંભાળવા બોમ્બે (મુંબઈ)થી મોમ્બાસા જવા માટે રવાના થયા. હિંદ મહાસાગરની મધ્યમાં એક તોફાની સાંજે એસ.એસ. વાસના તૂતક ઉપર ઊભા રહીને તેમણે અન્ય એક મુસાફર માણેક લાલ રૂઘાણી નામના ગુજરાતી સાથે એક અદ્‌ભુત મુલાકાત કરી. શાસ્ત્રી દ્વારા તેમના મેમોઈર્સ ઓફ એ ગ્લોબલ હિન્દુમાં સ્મારક કરાયેલી આ બેઠક ભારતની બહાર (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અથવા ઈજીજીની) પ્રથમ શાખા (શાખા) તરફ દોરી ગઈ.' લંડન સ્થિત લેખક શ્યામ ભાટિયા, જેમના પિતા પ્રેમ ભાટિયા એક સમયે કેન્યામાં ભારતીય હાઈ કમિશનર હતા, તેમણે તાજેતરમાં ટાઈમ્સમાં લખ્યું : '૧૯૩૫માં ૧૮ વર્ષની વયે રામ દાસ (ઋષિ સુનકના પિતામહ) ગુજરાનવાલા (હવે પાકિસ્તાનમાં) છોડીને રહેવા ગયા. કેન્યા ગયા, જ્યાં તેણે એકાઉન્ટન્ટ તરીકે નવું જીવન શરૂ કર્યું, બે વર્ષ પછી તેની યુવાન પત્ની સોહાગ તેની પાછળ ગઈ. આ દંપતીને છ બાળકો હતા અને તેમાંથી એક યશવીર સુનકના પિતા છે.'

યુકેના ડેઈલી મેલે અહેવાલ આપ્યો છે કે, રામ દાસ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નામના હિંદુ સર્વોપરી સંગઠનનો સભ્ય હતો, જે નાઝી જેવા ફાસીવાદી સંગઠનો ઉપર આધારિત હતો'. ભાટિયાએ વધુમાં જણાવ્યું કે, ૧૯૭૧માં સાઉધમ્પ્ટન ગયા પછી રામ દાસે વેદિક સોસાયટી હિંદુ મંદિરની સ્થાપના કરી, જ્યાં (ઋષિ) સુનકના માતા-પિતા ખૂબ જ સક્રિય છે અને જેની વડાપ્રધાન હજુ પણ મુલાકાત લે છે. ટૂંકમાં જ્યારે સુનકનો પરિવાર બ્રિટન પહોંચ્યો ત્યારે અમે ફરીથી તમામ સાબિતીઓ દ્વારા જાન્યુ કે રૂઢિચુસ્ત હિંદુઓ એવા તેમના માતા-પિતાએ વિજ્ઞાનમાં તાલીમ લીધી હતી - પિતા યશવીર જીપી બનવા માટે ડોકટર તરીકે અને માતા ઉષા રસાયણશાસ્ત્રી તરીકે લાયક બન્યા હતા પરંતુ દેખીતી રીતે તેમણે તેમની ધાર્મિકતા જાળવી રાખી હતી.

ઈંગ્લેન્ડના દક્ષિણ કિનારે સ્થાયી થયા પછી તેઓએ ઋષિને નજીકની જાણીતી ખાનગી શાળા વિન્ચેસ્ટર કોલેજમાં મોકલ્યા. ત્યાંથી તે મેરિટ ઉપર ઓક્સફર્ડ ગયા. જો કે, માણસ ઘણીવાર આનુવંશિકતા અને પર્યાવરણનું મિશ્રણ હોય છે. આ સંયોગે તેને બાહ્ય રીતે બ્રિટિશ બનાવ્યો; પરંતુ હિંદુ પરંપરાગતતાનો વારસો તેમણે છોડ્યો નહીં. પૂર્વ આફ્રિકાના શરણાર્થીઓના ધસારાને કારણે બ્રિટનમાં દક્ષિણ એશિયાઈ મૂળના બ્રિટિશની સંખ્યામાં વધારો થયો છે. આનાથી રચાયેલી નવી વોટ બેંકે કે જેને લેબર પાર્ટીએ શરૂઆતમાં ઘેરી લીધી હતી તેણે અન્ય પક્ષો પાસે બહુસાંસ્કૃતિકવાદને રાજ્યની નીતિ તરીકે સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ છોડ્યો નહોતો. જો કે, આનાથી જે બન્યું તે ભારતીય-પૂર્વ આફ્રિકન સંસ્કૃતિવાદની માત્ર એક અવરોધિત અભિવ્યક્તિ ન હતી કે જે બ્રિટિશ સમાજને વિવિધતા અને સંવર્ધન આપે છે પરંતુ તે ધાર્મિક ઓળખનો દાવો કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો જેઓ અગાઉ ભારતમાંથી સ્થળાંતર કરીને 'બ્રિટિશનેસ'માં આંશિક રીતે એકીકૃત થયા હતા તેની સરખામણીમાં પૂર્વ આફ્રિકામાં તેમના ધાર્મિક રિવાજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા ટેવાયેલા પૂર્વ આફ્રિકન ભારતીયોને બ્રિટનમાં તેમ કરવાનું ચાલુ રાખવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી.

આજે બ્રિટનમાં અંદાજિત ૬૫ આરએસએસ-સંલગ્ન હિંદુ સ્વયંસેવક સંઘ શાખાઓ છે, જેમાં સંખ્યાબંધ હિંદુ મંદિરોનો ઉલ્લેખ નથી. ઉત્તર પશ્ચિમ લંડનના ભાગો અને મિડલેન્ડ્‌સ શહેર લિસેસ્ટર, જ્યાં પૂર્વ આફ્રિકન ગુજરાતીઓ કેન્દ્રિત છે, તે હકીકતમાં હિન્દુત્વના હોટબેડ છે બેન્જામિન ડિઝરાઈલીનો જન્મ યહૂદીમાં થયો હતો, પરંતુ તેના પિતાએ યહૂદી ધર્મ છોડ્યા પછી ૧૨ વર્ષની ઉંમરથી તેનો એંગ્લિકન ઉછેર થયો હતો. આનાથી તેમના માટે ૧૮૬૦ અને ૧૮૭૦ના દાયકામાં બે વાર કન્ઝર્વેટિવ વડાપ્રધાન તરીકે ચૂંટાયા - એક યુગ દરમ્યાન જ્યારે યહૂદીઓને સંસદમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. આ વાર્તાની નૈતિકતા એ છે કે : કેથોલિક પણ નથી - એક બિન-ખ્રિસ્તી પણ નથી. જ્યાં સુધી જ્હોન્સન તેની માતાના કેથોલિક વિશ્વાસમાં પાછો ફર્યો ન હતો ત્યાં સુધી સુનક બ્રિટિશ વડાપ્રધાન પદ સંભાળ્યું હતું (એટન ખાતે તેની શાળામાં એંગ્લિકન બન્યા પછી). અલબત્ત, ડિઝરાઈલી કે જ્હોન્સન બંનેએ ઘરમાં એક સંસ્કૃતિ અને તેની બહારની બીજી સંસ્કૃતિના ભેદભાવનો સામનો કર્યો ન હતો, જેનો બ્રિટનમાં ઘણા એશિયન ઈમિગ્રન્ટ્‌સ સામનો કરે છે. સુનકનો રાજકારણમાં ઔપચારિક પ્રવેશ માત્ર ૨૦૧૫માં થયો હતો. સાત વર્ષ પછી ૪૧ વર્ષની વયે તેઓ વડાપ્રધાન હતા. જ્હોન મેજરને સાંસદ તરીકે ચૂંટાયા બાદ ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટના રહેવાસી બનવા માટે ૧૧ વર્ષ લાગ્યા. ટોની બ્લેર માટે આ સમયગાળો ૧૪ વર્ષનો હતો. ડેવિડ કેમેરોન સંસદમાં પ્રવેશ્યાના નવ વર્ષ પછી પ્રીમિયર બન્યા. તેથી શ્વેત બ્રિટનના પ્રભુત્વવાળી પાર્ટીમાં ઈમિગ્રન્ટના બિન-શ્વેત પુત્ર માટે સુનકની એક આશ્ચર્યજનક સિદ્ધિ હતી. ખરેખર માત્ર ૧૭ વર્ષોમાં કન્ઝર્વેટિવોએ એક પણ એશિયન સાંસદ ન હોવાને કારણે તેમના વડાપ્રધાન તરીકે સ્વીકારવાનું કામ કર્યું હતું !

કોવિડે ચાન્સેલર તરીકે સુનકના કાર્યને નો-બ્રેનર બનાવ્યું. જ્હોન્સનની ઈચ્છાઓને વળગી રહીને તેણે વ્યવસાયો અને નોકરીઓ બચાવવા માટે ઉદાર ફર્લો યોજના શરૂ કરી, જે તેને નિર્વિવાદપણે ખ્યાતિ તરફ દોરી ગઈ. જો કે, ગયા વર્ષે દિલ્હીના એક મંદિરમાં પ્રાર્થના કરવા માટે સુનકે પૌરાણિક રીતે સાક્ષાત દંડવત પ્રણામ કર્યા હતા. તે ફક્ત હિન્દુઓના સૌથી શ્રદ્ધાળુ અને પ્રદર્શનકારી દ્વારા જ કરવામાં આવે છે. વ્યંગાત્મક રીતે કન્ઝર્વેટિવ્સના અંતિમ હીરો, સર વિન્સ્ટન ચર્ચિલે એક વખત હિંદુ ધર્મને 'જાનવરોના ધર્મ' તરીકે વર્ણવ્યો હતો. સામાન્ય રીતે આધુનિક બ્રિટન તમામ ધર્મો પ્રત્યે સહિષ્ણુ છે. છતાં ટોક શોની માંગ કરનાર વ્યક્તિ એ લાગણીને મૂર્ત બનાવે છે કે, વ્યક્તિએ સાંસ્કૃતિક રીતે બ્રિટિશ બનવા માટે સફેદ અને ખ્રિસ્તી હોવું જરૂરી છે. એક વ્યક્તિ (જેમ કે સુનક) જે પબમાં પિન્ટ ખાતી નથી, રોસ્ટ બીફ ખાટી નથી અને યોર્કશાયર પુડિંગનો સ્વાદ લેતી નથી તે મૂળરૂપે બ્રિટિશ નથી

# અમદાવાદ સ્થિત CSLC માં નેકસ્ટ જનરેશન AI ઓપરેટેડ રિસ્ટમથી આંખની લેસર સર્જરી

## Silk elita લેસર મશીન ધરાવતું કયોર સાઈટ લેસર સેન્ટર (CSLC) ગુજરાતનું પ્રથમ અને ભારતનું પાંચમું સેન્ટર છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૩

અમદાવાદ સ્થિત કયોર સાઈટ લેસર સેન્ટર (CSLC) રિફેક્ટિવલેસર સર્જરીના ક્ષેત્રમાં નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. CSLC વિશ્વનું એક માત્ર લેસર આય સેન્ટર છે. જે વિશ્વનાં પાંચ શ્રેષ્ઠ લેસર મશીન ધરાવે છે. જેમાં વિશ્વનું સૌથી ઝડપી **Excimer Laser Wavelight Ex-500** જે આંખનો એક નંબર ફકત સેકન્ડમાં કાઢી શકે છે. તથા વિશ્વનું સૌથી ઝડપી **Wave light F-200** જે **6 second** માં કીકીની ફલેપ બનાવી શકે છે. આ ટેકનોલોજી નો ઉપયોગ CSLC માં છેલ્લ ૧૫ વર્ષથી થાય છે.

અમે અત્યાધુનિક SILK Ele લેસર મશીન પણ વસાવ્યું છે, જે નેકસ્ટ જનરેશન AI ઓપરેટેડ રિસ્ટમ છે. આ ટેકનોલોજી મેળવનાર CSLC ગુજરાતનું પ્રથમ અને ભરતનું પાંચમું સેન્ટર છે, જેની મદદથી અમે અસાધારણ અને નોંધપાત્ર પરિણામ સાથે ફલેપલેસ (લેન્ટિક્યુલ આધારિત) લેસર આય સર્જરી કરવા સક્ષમ છીએ.

SILK Ela 65 વિઝનની ચડિયાતી ગુણવત્તા ધરાવે છે. એટલું જ નહીં તેની અનોખી ફલેપલેસ ટેકનલોજી નવા માપદંડો પ્રસ્થાપિત કરે છે, જેમાં લેસિક લેસર પ્રોસિજર (ફલેપ આધારિતની સરખામણીમાં વધુ સારી વિઝન કરેકશન ટેકનિક છે. જેને કારણે સર્જન સિલ્ક પ્રોસિજર દ્વારા અસ્પષ્ટ દ્રષ્ટી સાથે કે તેનાં વગર માથીપિટયા (ટૂંકી દ્રષ્ટિ)નાં દર્દી પર રિફેક્ટિવ કરેકશન કરી શકે છે. SILX Elm દ્વારા ખૂબ સારી રીતે સર્જરી થઈ શકે છે અને દર્દીને પણ સારા પરિણામ મળે છે. આ ટેકનિકથી સર્જરી દ્વારા દર્દી બીજા જ દિવસથી નિયમિત પ્રવૃત્તિ શરૂ કરી શકે છે. જ્યારે પાંચથી સાત દિવસ બાદ રમતગમતની પ્રવૃત્તિમાં પણ જોડાઈ શકે છે. રમતવીરો, લશ્કરી જવાનો અન્ય સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓ માટે આ સ્લામત સર્જરી છે. કારણ કે તેમાં ફલેપમાં ઈજાની કોઈ સંભાવના નથી હોતી.

આ સર્જરીમાં બ્લેડનો ઉપયોગ નથી થતો અને ટાંકા લેવામાં આવતા નથી. આને કારણ દુઃખાવો નથી થતો. સમગ્ર પ્રક્રિયા ચોક્સાઈ, કાર્યક્ષમ અને આસમદાયક રીતે થાય છે. આંખની સર્જરીમાં સામાન્ય રીતે ઓપરેશન બાદ આંખો ડ્રાઈ આઈ (સૂખી આંખ) ની ફરિયાદ રહેતી હોય છે, પણ SILK પ્રોસિજરમાં આ સમસ્યામાં નોંધપત્ર ઘટાડો થાય છે.

CSLC તેનાં ICL (Implantable Columnar Lens) ઈમ્પ્લાન્ટેશન ને કારણે અન્ય આય સેન્ટરથી અલગ તરી આવે છે. ડો. આદિત્ય દેસાઈ ICL ઈમ્પ્લાન્ટેશનમાં નિષ્ણાંત છે અને દર્દીની આંખમાં માત્ર ચાર મિનિટમાં ICL ઈમ્પ્લાન્ટેશન કરે છે, જેનાં માટે તેમને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. ICL પ્રક્રિયા -૧.૦ થી -૩૦.૦ Dsph (માયોપિયા) અને ૧ થી ૧૦ Dsph (હાઈપરમેટ્રોપિયા) સુધીના નંબર દૂર કરી શકાય છે. CSLC ખાતે અમે બાયોપ્ટિકસનો ઉપયોગ કરીને - ૩૨ Dsph સુધીના નંબર દૂર કર્યા છે. એટલે કે Lasik ICL નું અદ્યતન સંયોજન CSLC એ EVO VIVA ICL ઈમ્પ્લાન્ટેશન કરવા માટે પશ્ચિમ ભારતમાં પ્રથમ કેન્દ્ર છે જે દૂરના અને નજીકના બંને નંબર એક સાથે દૂર કરી શકે છે.

ક્યોર સાઈટ લેસર સેન્ટર દેશનું અગ્રણી આય લેસર સેન્ટર છે. CSLCના સ્થાપક અને ચેરમેન ડો. પરિમલ દેસાઈ લેસર રિફેક્ટિવ સર્જરીનાં પ્રણેતા છે. માર્ચ ૧૯૯૫માં લેસર આય સેન્ટર શરૂ કરનાર તેઓ ગુજરાતના પ્રથમ અને ભારતના ત્રીજા આંખના સર્જન છે. જેના માટે તેઓને ફલોરિડા, યુએસએ ખાતે વર્ષ ૧૯૯૬માં પાયોનિયર ઈન રિફેકટીવ સર્જરીમાં આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો છે. ડો. પરિમલ દેસાઈને વર્ષ ૨૦૧૭માં રિફેકટીવ સર્જરીમાં તબીબી જગતનો સર્વશ્રેષ્ઠ ડો. બી. સી. રોય એવોર્ડ તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે એનાયત થયો હતો. આંખના સર્જન અને CSLCના ડિરેક્ટર ડો. આદિત્ય દેસાઇ ૨૦૧૮માં ક્યોર સાઈટ લેસર સેન્ટરમાં જોડાયા હતા. ડો. આદિત્ય દેસાઈ SILK ફલેપલેસ (લેન્ટિક્યુલ આધારિત) પ્રોસિજરના નિષ્ણાંત છે અને આ ક્ષેત્રમાં ગુજરાતના શ્રેષ્ઠ સર્જન છે. ડો. પરિમલ દેસાઈ અને ડો. આદિત્ય દેસાઈને રીફેક્ટિવ આંખની સર્જરીના ક્ષેત્રમાં વિવિધ નોંધપાત્ર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. અમે સમાજનું ઋણ ચૂકવવાના ઉદાત હેતુથી સમાજનાં વંચિત વર્ગો, જરૂરિયાતમંદ દર્દીઓ, સંતો, ચશ્માને કારણે લગ્નથી વંચિત રહેતી ગરીબ દિકરીઓ અને લશ્કરી દળોમાં જોડાવા માંગતા ગરીબ યુવાનોને રાહત દરે અથવા તો નિઃશુલ્ક સારવાર પૂરી પાડીએ છીએ. અમે સમાજના કલ્યાણ માટે વર્ષમાં બે વાર- મે અને જુન તથા ઓક્ટોબર અને નવેમ્બરમાં છેલ્લાં ૨૦ વર્ષથી અમારા સેન્ટરની મુલાકાતે આવતા તમામ દર્દીઓ માટે આંખોની નિઃશુલ્ક તપાસ માટે શિબિરો યોજીએ છીએ.

# માણાવદર બસ સ્ટેશન સામે સ્લમ વિસ્તારમાં પુરના પાણી ઘુસી જતા લોકોને રેસ્કયુ કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૩

માણાવદરમાં ઉપરવાસના વિસ્તારમાં ભારે વરસાદને લીધે રસાલા ડેમમાં પુરના પાણી ઠલવાતા તેની અસર ગત સોમવારે રાત્રીના બસ સ્ટેન્ડ સામે આવેલ સ્લમ વિસ્તારના લોકોને થઈ હતી. આ વિસ્તારમાં આવેલા ઘરોમાં ગોઠણ ડૂબ પાણી ફરી વળતા તાત્કાલીક પોલીસ તંત્રને જાણ કરતા માણાવદરના પીએસઆઈ સહિતનો સ્ટાફ આવી પહોંચેલ હતો અને પાણીમાં ફસાયેલા લોકોને રેસ્કયુ કરી બહાર કાઢયા હતા અને રેસ્કયુ કરાયેલા લોકોને બસ સ્ટેન્ડમાં રાત્રે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બાબતની જાણ ભાજપના આગેવાન યોગેશ હુંબલને થતા તેઓ પણ આ વિસ્તારમાં આવી પહોંચેલ હતા અને તેઓએ ચીફ ઓફીસરને જાણ કરતા તેઓએ પુરગ્રસ્ત લોકો માટે પુરતી વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત યોગેશ હુંબલે મામલતદારશ્રીને પણ ફોન કર્યો પરંતુ તેઓએ ફોન ઉપાડેલ નહીં. આમ લોકોના જાનના જોખમ હોય તેવા સમયે જવાબદાર અધિકારીએ દરકાર ન લીધી હોવાનો આક્ષેપ આગેવાને કર્યો હતો. આમ પુરના પાણી સ્લમ વિસ્તારમાં ભરાતા પોલીસ તંત્ર અને ચીફ ઓફીસરની અસરકારક કામગીરીથી લોકોને રાહત મળી હતી.

# લોન ડિફોલ્ટરો માટે જૂનાગઢ સેશન્સ કોર્ટનો સોસાયટીની તરફેણમાં મહત્વનો ચુકાદો

જૂનાગઢ તા. ૩

શ્રી માધવ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. જૂનાગઢમાંથી ચોથાભાઇ વિસાભાઇ મકવાણાએ ધિરાણ મેળવેલ હતું જે ધિરાણની બાકી રકમ રૂા.૨,૫૮,૦૦૦/- ભરપાઇ કરવા માટે ચેક આપેલ હતો. સદરહુ ચેક અપુરતા ભંડોળના કારણે રીર્ટન થયેલ હતો. જેથી સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૬ માં જૂનાગઢની કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ કેસ દાખલ કરવામાં આવેલ. હતો. જે કેસનો ચુકાદો સોસાયટીની તરફેણમાં તા.૬/૫/૧૯ ના રોજ આવેલ હતો. જે હુકમની સામે લોન લેનાર ચોથાભાઇ વિસાભાઇ મકવાણા એ ફોજદારી અપીલ સેસન્સ કોર્ટમાં દાખલ કરેલ હતી. જે અપીલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ આર.ડી.પાંડેના તા.૨૦/૦૬/૨૦૨૪ ના ચુકદો આપતા સોસાયટીની તરફેણમાં અગાઉનો હુકમ કાયમી રાખવા આદેશ કરેલ છે. આ ફોજદારી અપીલમાં સોસાયટી તરફથી વકીલ સચીનભાઈ રૂપારેલીયા રોકાયેલા હતા.

## હવે તારીખ પે તારીખનો જમાનો ગયો

# વીજકંપનીના પાવરચોરીના દાવામાં માત્ર દોઢ જ મહિનામાં રકમ ભરવા આદેશ કરતી વિસાવદર કોર્ટ



વિસાવદર, તા.૩

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૨)ના કાર્યક્ષેત્રમાં આવતા જુદા જુદા ગામના લોકો દ્વારા પોતાના રહેણાંકી મકાને પી.જી.વી.સી.એલ. કંપનીની હળવા દબાણની લાઈનમાં આંકડા મારી પીળા કલરના સર્વિસ વાયરને જોડી પોતાના રહેણાંકી મકાનમાં વીજ વપરાશ કરતા હોય આ બાબતે વીજ ચેકીંગ કરાતા તેઓ પાવરચોરી કરતા પકડાઈ ગયેલા જેથી તેમની સામે પાવરચોરીની પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલ ત્યારબાદ કંપની તરફથી બિલ મોકલવામાં આવેલ જે પાવરચોરીના વિજબીલની રકમ પ્રતિવાદી દ્વારા વિજકચેરીમાં ભરપાઈ ન કરતા કંપની વતી નાયબ ઈજનેર કમલ અખેણીયા દ્વારા વિસાવદર કોર્ટમાં પી.જી.વી.સી.એલ.ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા તા.૯/૫/૨૦૨૪ના રોજ બે દાવા દાખલ કરેલ ત્યારબાદ પણ પ્રતિવાદીઓને રકમ ભરવા તથા સમાધાન માટેની તક આપવા છતાં પ્રતિવાદીઓ કોર્ટમાં હાજર રહેલા નહિ.

આ કામમાં ઘણા જ ટૂંકાગાળામાં એટલે કે દોઢ માસ જેટલા સમયમાં તેમની સામેના દાવાઓ ચાલી જતા વિસાવદર સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી સાહેબ દ્વારા પ્રતિવાદીને દાવાવાળી રકમ તથા તેના ઉપરના ડી.પી.સી.ચાર્જ સહિત ની રકમ,વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવાનો માત્ર દોઢ મહિના જેવા સમયગાળામાં હુકમ કરતા હવે તારીખ પે તારીખનો જમાનો ગયો હોય તે રીતે પાવરચોરી કરી વિજબીલની રકમ વર્ષોસુધી નહિ ચૂકવતા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે અને કોર્ટોમાં વર્ષોસુધી કેસ ચાલે તેવી માન્યતા ઉપર પડદો પડી ગયેલ છે.આ કામમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

# દેવભૂમિ દ્વારકામાં પેનલ એડવોકેટ તરીકે જિલ્લા અદાલત સાથે જોડાવાની તક

## વકીલો, કાયદા નિષ્ણાંતોને જોડાવવા મુખ્ય જિલ્લા ન્યાયાધીશની અપિલ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૩

ખંભાળિયામાં હકકદાર વ્યક્તિઓને વિનામૂલ્યે અને સક્ષમ કાનૂની સેવા ઉપલબ્ધ કરાવવા દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા જિલ્લામાં તમામ ચાર તાલુકા કાનૂની સેવા સમિતિ ખાતે સિવિલ, ક્રિમિનલ, ફેમિલી મેટર્સ, જુવેનાઈલ, લેબર, ડ્રાફટીંગ અને કન્વેંસીંગ, રેવન્યુ, કન્ઝ્યુમર વિગેરે જેવી સક્ષમ વિષયોને આવરી લેતી સુદ્રઢ પેનલમાં જોડાવા ઈચ્છતા વકીલો જરૂરી ફોર્મ ખંભાળિયામાં આવેલ જિલ્લા અદાલત સ્થિત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ કચેરીમાંથી મેળવીને તા. ૩૧ જૂન સુધીમાં ભરીને આ કચેરીને જમાં કરાવવા એક યાદીમાં જણાવાયું છે.

આ અંગેના ફોર્મ ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખા તાલુકા અદાલત ખાતે લગત તાલુકા કાનૂની સેવા સમિતિ ખાતેથી પણ મેળવી શકાશે. ઈચ્છુક ઉમેદવાર વકીલોનો ત્રણ વર્ષનો પ્રેક્ટીસ કરતા હોવાનો અનુભવ હોવો આવશ્યક છે. પેનલ એડવોકેટ, રીટેનર એડવોકેટોને તેમની કામગીરી અનુસાર નાલસા અને સાલસા (NALSA/ SLSA) ના નિયમોનુસાર માનદ વેતન સિવાય અન્ય કોઈ રકમ ચુકવવામાં આવશે નહી. જેમાં પેનલ એડવોકેટોને પ્રત્યેક કેસ દીઠ મહત્તમ રૂા. ૩૦ હજારની મર્યાદાને ધ્યાનમાં રાખી પ્રત્યેક ઈફેક્ટીવ હીયરીંગ માટે રૂા. ૧,૦૦૦ તથા પ્રત્યેક નોન ઈફેક્ટીવ હીયરીંગ માટે રૂા. ૫૦૦ ચૂકવવામાં આવશે. પરચૂરણ અરજીઓના ડ્રાફટીંગ માટે રીઝોલ્યુશનમાં જણાવ્યા મુજબ પરચૂરણ ખર્ચ ચૂકવવામાં આવશે.

રીટેનર એડવોકેટને ડી.એલ.એસ.એ. કચેરીની ફ્રંટ ઓફીસ ખાતે ફરજ બજાવવા માટે પ્રતિ માસ ૧૫,૦૦૦ થી ઓછુ ન હોય તેટલું તથા TLSC કચેરીની ફ્રંટ ઓફીસ ખાતે ફરજ બજાવવા માટે પ્રતિ માસ ૧૦,૦૦૦ થી ઓછુ ન હોય તેટલું માનદ વેતન ચૂકવવામાં આવશે. જો રીટેનર એડવોકેટને કોઈ કેસ લીગલ એઈડ માટે સોંપવામાં આવશે તો પેનલ એડવોકેટ તરીકે મળવા પાત્ર માનદ વેતન તેઓને અલગથી ચૂકવવામાં આવશે. રીસોર્સ પર્સન લીગલ એઈડ ક્લિનિકમાં કાનૂની સેવા આપવા તથા કાનૂની જાગૃતિ કાર્યક્રમમાં સેવા આપવા બદલ નિયુક્ત થયેલા વકીલને પ્રતિ દિન રૂા. ૫૦૦ થી ઓછું ન હોય તેટલું માનદ વેતન ચૂકવવામાં આવશે. પેનલ એડવોકેટ, રીટેનર એડવોકેટ, રીસોર્સ પર્સનને માનદ વેતન નિયમોનુસાર વડી કચેરી તરફથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) માધ્યમથી ચુકવવામાં આવશે.

આ માનદ સેવા આપવા ઈચ્છતા તમામ વકીલો પેનલ એડવોકેટ (રીટેનર એડવોકેટ અને રીસોર્સ પર્સન) તરીકે જોડાવા માટે નજીકની તાલુકા અદાલત તથા જિલ્લા કક્ષાએ ખંભાળિયામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલતનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયા લાયન્સ ક્લબ દ્વારા જરૂરિયાતમંદોને કીટ, દિવ્યાંગને ટ્રાયસિકલ અર્પણ કરાઈ




(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળિયા, તા. ૩

ખંભાળિયાની સેવા સંસ્થા લાયન્સ કલબના ઉપક્રમે તાજેતરમાં સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે મૂળ ખંભાળિયાના વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીના આર્થિક સહયોગથી ૬૦ જેટલા જરૂરતમંદ પરિવારોને જીવન જરૂરી ચીજ વસ્તુઓની કીટ અર્પણ કરવામાં આવી હતી.

લાયન્સ કલબના સૌરાષ્ટ્ર કચ્છ વિભાગના પોરબંદર સ્થિત ડિસ્ટ્રિક્ટ ગવર્નર હિરલબા ભુરાભાઈ જાડેજાની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા આ સેવાકાર્યમાં લાયન્સ કલબના પ્રમુખ નિમિષાબેન નકુમે સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે મહિલા મંડળના સ્થાપક પ્રમુખ અને મહિલા અગ્રણી ડો. પ્રફુલ્લાબેન બરછાએ ખાસ ઉપસ્થિત રહી, સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સાથે સંસ્થા દ્વારા એક જરૂરિયાતમંદ દિવ્યાંગને વિના મૂલ્યે ટ્રાયસિકલ અર્પણ કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજનમાં સંસ્થાના સેક્રેટરી હાડાભા જામ, ટ્રેઝરર ચંદાબેન મોદી તેમજ ઝોન ચેરમેન પરેશભાઈ મહેતાએ જરૂરી કામગીરી કરી હતી. આ આયોજનમાં સૌરાષ્ટ્ર-કચ્છ વિભાગના પૂર્વ લાયન્સ ડિસ્ટ્રીક્ટ ગવર્નર ધીરેનભાઈ બદીયાણીએ પ્રવૃત્તિના આયોજન અંગેની માહિતી આપી હતી.

# ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં રવિવારથી સર્વોત્તમ સ્તોત્રના પાઠનો મહોત્સવ

જામ ખંભાળિયા, તા. ૩

જામ ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલીમાં આગામી રવિવાર તા. ૭ જુલાઈથી તા. ૧૦ ઓગસ્ટ સુધી "સર્વોત્તમ સ્તોત્ર"ના પાઠના મહા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે રવિવાર તારીખ ૭ ના રોજ રથયાત્રાના શુભ દિવસથી દરરોજ સાંજે ૪ થી ૭ વાગ્યા દરમિયાન સર્વોત્તમ સ્તોત્રના ૩૫ વખત પાઠ ૩૫ દિવસ સુધી કરવામાં આવશે. સર્વોત્તમના એક પાઠથી શ્રી મહાપ્રભુજીની જારીજી ભર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. તો આ પાઠ મહોત્સવમાં સહભાગી થવા સેવાકુંજ હવેલીના પૂજ્ય માધવી વહુજી દ્વારા સર્વે વૈષ્ણવોને અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાંથી ઝડપાયેલા આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક સીરપના પ્રકરણમાં વ્હાઈટ કોલર બુટલેગરો ઝબ્બે

## ૯૦ બોટલ સાથે આઠ શખ્સોની અટકાયત: રિમાન્ડની કાર્યવાહી




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૩

ખંભાળિયામાંથી થોડા દિવસો પૂર્વે ઝડપાયેલો નુકસાનકર્તા એવી આયુર્વેદિક સીરપની બોટલો સંદર્ભેના પ્રકરણમાં જિલ્લા પોલીસે કડક હાથે કાર્યવાહી કરીને ખંભાળિયા, ભાવનગર, રાજકોટ, વડોદરા, મુંબઈ અને વાપીના કુલ આઠ શખ્સોની અટકાયત કરી, રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

ખંભાળિયામાં રહેતા પ્રકાશ કિશોરભાઈ આચાર્ય નામના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે રૂા. ૧૩,૪૬૦ ની કિંમતની વડોદરાની કંપનીની ચોક્કસ નામની આયુર્વેદિક સીરપનો જથ્થો કબજે કર્યો હતો. જે સંદર્ભે પોલીસે ઉપરોક્ત મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ શક પડતી મિલકત તરીકે કબજે લઈ અને આ બોટલના પૃથક્કરણ અર્થે મોકલવામાં આવી હતી.

આ વચ્ચે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાંથી સ્થાનિક પોલીસ તેમજ એલસીબી પોલીસે થોડા સમય પૂર્વે લાખો રૂપિયાની કિંમતની સ્વાસ્થ્યને નુકસાનકર્તા એવી આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક સીરપના કાળા કારોબાર પરથી પડદો ઊંચકાવીને આ પ્રકારના પીણાની ફેકટરીના મૂળ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ આ પ્રકારની પ્રવૃત્તિ પર અંકુશ મેળવવા માટે એલસીબી, એસઓજી સહિતની ટીમ દ્વારા ઊંડાણપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત આગળની કાર્યવાહીમાં ઉપરોક્ત સીરપની બોટલમાં આઈસોપ્રોપાઈલ તથા ઈથેનોલ આલ્કોહોલની ટકાવારી કાયદાકીય રીતે નિયત કરતા વધુ પ્રમાણમાં હોવાનું જાહેર થયું હતું. જે સંદર્ભે ખંભાળિયા પોલીસ મથકમાં આઈપીસી કલમ ૧૨૦ (બી), ૨૭૪, ૨૭૫, ૩૨૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ પ્રોહિ. એક્ટની કલમ મુજબ નોંધાયેલા ગુનામાં તપાસનીસ અધિકારી પી.આઈ. તુષાર પટેલ દ્વારા મુખ્ય આરોપી પ્રકાશ કિશોરભાઈ આચાર્ય સાથે ખંભાળિયાના રહીશ ગઢવી સામત ખીમા જામ, ભાવનગરના રહીશ લગધીરસિંહ ઊર્ફે લખધીરસિંહ કાળુભા જાડેજા, રાજકોટના મેહુલ અરવિંદભાઈ જસાણી અને ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ નટવરલાલ ડોડિયા, વડોદરાના નીતિન અજીતભાઈ કોટવાણી, મુંબઈના તૌફીક હાસીમ મુકાદમ અને વાપીના આમોદ અનિલભાઈ ભાવે નામના કુલ આઠ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં પોલીસે ચોક્કસ કંપનીની સીરપની ૯૦ બોટલ કબજે લીધી છે.

ખાસ કરીને ફક્ત અને ફક્ત ગુજરાત રાજ્ય અને ટાર્ગેટ કરી, નશાબંધી યુક્ત રાજયમાં નશાબંધીની બદીમાં વૃદ્ધિ કરનાર સેલવાસ ખાતેની એમ.એ.બી. તથા હર્બોગ્લોબલ કંપનીના માલિકો તથા તેમના મળતીયાઓ તેમજ વડોદરાની કંપનીના માલિકો વિગેરે દ્વારા સમાજમાં વ્હાઈટ કોલર બુટલેગરો તરીકેની ભૂમિકા જણાઈ આવી હતી. તેઓ વિરુદ્ધ અગાઉ પણ રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં આ પ્રકારના આયુર્વેદિક દવાની આડમાં નશાયુક્ત પીણા અંગેના વિવિધ ગુનાઓ નોંધાયા હોવાનું પણ જાહેર થયું છે. દેવભૂમિ દ્વારકા પોલીસે ઉપરોક્ત આરોપીઓની અટકાયત કરી, વિવિધ દિશાઓમાં તપાસ જારી રાખી છે. આ પ્રકરણ સંદર્ભે પોલીસે આરોપીઓના રિમાન્ડ અંગેની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયા, દ્વારકાના પી.આઈ. ટી.સી. પટેલ, એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સીંગરખીયા, પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી તેમજ ટીમ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી હતી.

સદાકાળ ગુજરાત : બાજે ડમરૂ દિગંત ગાજે કદમો અનંત , આઘે દેખો રે અંધ, ચડી ઘોર આંધીઃ દેશદેશથી લોક, નરનારી થોક થોક, ઉન્નત રાખી ડોક, આવે દળ બાંધી !

# વિશ્વ સોશિયલ મીડિયા દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્યની વિશ્વ વિક્રમી પરિષદને ક્રમાનુસાર લાંબા અનુક્રમનો પરિક્રમી સંવાદ યોજવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા એવોર્ડ એનાયત

## સાહિત્ય અને સમૂહ માધ્યમો એકબીજા સાથે સંકળાઈને ગુજરાતી ભાષા માટે ઉત્તમ કાર્ય કરી શકે : ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩

રવિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક સુધી વિશ્વ સોશિયલ મીડિયા દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સાહિત્ય અને સમૂહ માધ્યમો વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સાહિત્ય અને સમૂહ માધ્યમો પરસ્પર કેવી રીતે સંકળાયેલા છે અને તેમની સમાજ પર કેવી અસર થાય છે તે બાબતના વિચારોને લોકો સુધી વાચા આપવાનો સુવિચાર હતો..

કાર્યક્રમની શરૂઆત ઉદ્‌ઘાટન બેઠકથી કરવામાં આવી જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ દ્વારા કાર્યક્રમમાં આવનારને આવકાર આપવામાં આવ્યો અને કાર્યક્રમની ભૂમિકા વિષે વાત કરવામાં આવી તેમણે કહ્યું કે પરિષદમાં હંમેશા નવા વિચારોને આવકાર મળ્યો છે, અને ડિજિટલ માધ્યમો દ્વારા પણ પરિષદ લોકો સુધી પહોંચી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું સાથે જ એક સુંદર કવિતા પણ પ્રસ્તુત કરી. તેમણે જણાવ્યું કે, સાહિત્ય અને સમૂહ માધ્યમો એકબીજા સાથે સંકળાઈને ગુજરાતી ભાષા માટે ઉત્તમ કાર્ય કરી શકે છે અને તે માટે હંમેશા પરિષદના દ્વાર ખુલ્લાં રહેશે. પરિસંવાદના સંયોજક હેમાંગ રાવલ દ્વારા કાર્યક્રમના વિચારબીજ વિશે વાત કરવામાં આવી. તેમણે કહ્યું કે , આજના સમયમાં લોકો સુધી વાત પહોંચાડવા માટે સોશિયલ મીડિયા સૌથી અગત્યનું માધ્યમ બન્યું છે પણ તેનો સાવચેતીપૂર્વકનો ઉપયોગ ખૂબ જરૂરી છે.

ત્યારબાદ પ્રથમ બેઠકમાં સાહિત્ય અને વિજાણુ માધ્યમો વિશે વાત કરવામાં આવી જેમાં જીટીપીએલ ચેનલ હેડ દેવાંગ ભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું કે , ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વીરરસ સંબંધિત કવિસંમેલન યોજાવું જોઈએ , જેમાં તેઓ પૂરેપૂરો સહકાર આપશે. જે વાત પરિષદે વધાવી હતી. "દૂરદર્શન '' નાં ડ્પ્યૂટી ડાયરેક્ટર ઉત્સવ પરમારે જણાવ્યું કે લોકો સુધી સાહિત્યને પહોંચાડવા માટે સમૂહ માધ્યમો ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે દૂરદર્શન પણ આવા અનેક કાર્યક્રમો આપે છે . આકાશવાણી - આસિસ્ટન્ટ ડાયરેકટર મૌલિન મુનશી દ્વારા વિષયને અનુરૂપ વકતવ્ય આપવામાં આવ્યું. જેમાં તેમણે જણાવ્યું કે , રેડિયો સાહિત્ય પણ એક પ્રકારનું સાહિત્ય છે , રેડિયો કાન દ્વારા વાંચતા - જોતાં શીખવે છે. ઓલ ઈન્ડિયા રેડિયો - આસિસ્ટન્ટ ડાયરેકટર ત્રિલોક સંઘાણી દ્વારા પૂરક વકતવ્ય આપવામાં આવ્યું. તેઓએ જણાવ્યું કે , રેડિયો એક એવું માધ્યમ છે જે દરેક વર્ગના લોકો સુધી પહોંચે છે અને લોકોને માહિતગાર કરે છે. વિજાણુ માધ્યમો હંમેશા લોકોને સરળતાથી આકર્ષિત કરે છે.

બીજી બેઠકમાં સાહિત્ય અને અખબાર-સામયિકોના જગત વિશે વાત કરવામાં આવી જેમાં "સંદેશ'' ના મેગેઝિન એડિટર કૃષ્ણકાંત ઉનડકટ દ્વારા કહેવામાં આવ્યું કે , સામયિકો લોકોને એવા વિષયો વિષે કહે છે જે તેઓના મગજમાં રોજબરોજ ચાલતા હોય , સામયિકો લોકોની વાતને સમજીને કાગળ પર લાવે છે. વરિષ્ઠ રાજકીય વિશ્લેષક અને હેડલાઈન ન્યૂઝના તંત્રી જગદીશ મહેતાએ વિષયને અનુરૂપ વાત કરી. જેમાં તેમણે લોકગીત ગાઈ જણાવ્યું હતું કે , આપણું સાહિત્ય ચોપડીમાંથી નહિ , 'ખોપડી' માંથી આવે છે , ભાવથી આવે છે. દિવ્ય ભાસ્કરના મેગેઝિન એડિટર લલિત ખંભાયતા દ્વારા પૂરક વક્તવ્ય આપવામાં આવ્યું. તેમાં જણાવવામાં આવ્યું કે સામયિકો - અખબારો લખાણને ક્રિએટિવ બનાવવા સાહિત્યની સહાય લેતા હોય છે. આ બેઠકમાં શ્રોતાઓને મુંઝવતા સવાલોના જવાબ પણ વક્તાઓએ આપ્યા.

ત્રીજી બેઠક સાહિત્ય અને સામાજિક માધ્યમોને સંબંધિત હતી જેમાં જમાવટના હેડ સુશ્રી દેવાંશી જોશીએ આજના સમયના વેબ આધારિત પત્રકારત્વ વિશે ખૂબ ઊંડાણપૂર્વક જણાવ્યું. જીએસટીવી સાથે જોડાયેલા સર્જક અને પ્રસિધ્ધ હાસ્યલેખક તુષાર દવેએ પોતાની આગવી રમુજી શૈલીમાં શ્રોતાઓને જ્ઞાન પીરસ્યું. જાણિતા લેખક-પત્રકાર ધૈવત ત્રિવેદી દ્વારા સાહિત્ય અને પત્રકારત્વ સાથેના તેમના અનેક અનુભવો રજૂ કર્યાં. પત્રકાર-લેખક બિનિત મોદી દ્વારા પૂરક વકતવ્ય આપવામાં આવ્યું જેમાં તેમણે સાહિત્ય પરિષદ સાથે સંકળાયેલ રસપ્રદ જાણકારી આપી.

નવગુજરાત સમયના એડિટર અને વિખ્યાત વિશ્લેષક અજય ઉમટ દ્વારા સમાપન વક્તવ્ય આપવામાં આવ્યું. જેમાં તેમણે જુદા જુદા સમૂહ માધ્યમોના વપરાશકર્તાના આંકડાઓ રજૂ કરી, કૃત્રિમ બૌદ્ધિકતા વિષે વાત કરી. સાથે જ , સાહિત્ય લક્ષી પત્રકારત્વની પણ વાત કરી. પરિસંવાદના સંયોજક અને ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ સમિતિના સદસ્ય હેમાંગ રાવલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

પરિસંવાદ કાર્યક્રમનું સંચાલન ક્રમાનુસાર સુશ્રી હાર્દી ભટ્ટ, હેમાંગ રાવલ, પરીક્ષિત જોશી અને ભિખેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેમાંગ રાવલ અને સુશ્રી હાર્દી ભટ્ટ લિખિત સાવધાન, આગળ રસ્તો લપસણો છે.... નામની પુસ્તિકા ભાગ લેનાર દરેકને આપવામાં આવી , જેમાં સોશિયલ મીડિયા વાપરતી વખતે શું સાવચેતી રાખવી તેના વિશે માહિતી આપવામાં આવેલ છે. આ પુસ્તિકા ડિજિટલ જાગરૂકતા માટે હોવાથી કોપીરાઈટ મુક્ત છે. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા આ પુસ્તિકાનો ઉપયોગ શૈક્ષણિક તેમજ સામાજિક જાગરૂકતા માટે કરી શકે છે. વિશ્વ સોશિયલ મીડિયા દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદને સૌથી લાંબા સમયનો પરિસંવાદ યોજવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

કાર્યક્રમમાં લગભગ ૩૦૦ જેટલી સંખ્યામાં સાહિત્ય રસિકો, પ્રબુદ્ધ નાગરિકો, શ્રોતાઓ, વિદ્યાર્થીઓ હાજર રહ્યાં. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં. વિશ્રૃવ સોશિયલ મીડિયા દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદને સૌથી લાંબા સમયનો પરિસંવાદ યોજવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ચેરમેન પાવન સોલંકી દ્વારા પરિષદ વતી પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો..

આ કાર્યક્રમમાં પરબના સંપાદક કિરીટ દુધાત, ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ સમિતિના સભ્ય પ્રતાપસિંહ ડાભી, જયંત ડાંગોદરા, ચેતન શુક્લ, જાણીતા અર્થશાસ્ત્રી હેમંત શાહ અને રમેશ મેરજા (આઈએએસ ) સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

# રાહત કમિશનર જેનું દેવાનના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ

## અઠવાડિયામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ હોવાની હવામાન વિભાગની



ગાધીનગર તા.૩

ચોમાસાની શરૂઆત થઈ ગયી છે ત્યારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે રાજયમાં ચોમાસાની સ્થિતિને પહોચી વળવા રાહત કમિશનર શ્રી જેનુ દેવાનની અધ્યક્ષતામાં વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અઠવાડિયામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ હોવાની હવામાન ખાતાની આગાહીને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવમાં આવી હતી.

આ બેઠક દરમિયાન હવામાન વિભાગના અધિકારીશ્રી વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, તા.૦૪ જુલાઈ, ૨૦૨૪ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમા એન.ડી.આર.એફ.ના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે એન.ડી.આર.એફ.ની ૧૦ ટીમોનું ડિપ્લોયમેન્ટ કરવામાં આવ્યું છે તથા ૫ ટીમો રિઝર્વ રાખવામાં આવી છે તેમજ એસ.ડી.આર.એફ.ની તમામ પ્લાટૂન જરૂરીયાત જાણાતા સ્થળે ડિપ્લોય કરી દેવામાં આવી છે અને સમગ્ર ટીમો જિલ્લા વહીવટીતંત્રના આદેશાનુસાર રાહત/બચાવની કામગીરી કરી રહ્યા છે.

કૃષિ વિભાગના અધિકારીએ જણાવ્યું કે, હાલમાં રાજયમાં ૨૯% જેટલું વાવેતર થઈ ગયું છે તેમજ વરસાદના કારણે રાજયમાં પાકમાં કોઈ પણ નુકશાનીની ભીતિ નથી.


રાહત કમિશનર દ્વારા બેઠકમાં હાજર રહેલ તમામ નોડલ અધિકારીશ્રીઓને માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવી તથા સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીશ્રીઓને એલર્ટ રહેવા જણાવ્યું હતું.

આ મીટીંગમાં સિંચાઈ, **SSNNL, CWC-Mahi & Tapi Division,** ફોરેસ્ટ, આરોગ્ય, ઈસરો, **BISAG-N,** ફિશરીઝ, ઈન્ડિયન નેવી, કોસ્ટ ગાર્ડ, જી.એમ.બી., ઊર્જા, માર્ગ અને મકાન, **GSRTC,** યુ.ડી.ડી, ફાયર, પંચાયત, પશુપાલન, શિક્ષણ, **ICDS,** ફૂડ એન્ડ સિવિલ સપ્લાય, માહિતી વિભાગ તથા ઈન્ડિયન આર્મી, ઈન્ડિયન એરફોર્સના નોડલ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# કેશોદના નાની ઘંસારી ગામે પાણીના નિકાલનો પ્રશ્ને તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

## પાણીના નિકાલના પ્રશ્ને મામલતદાર, ટીડીઓ, પીઆઈ સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહી વૈકલ્પિક વ્યવસ્થા કરવા જેસીબીથી પાણીનો ઉંચો પાળો દુર કર્યો





(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૩

કેશોદના નાની ઘંસારી ગામે જુના ગામતળના પાણીના નિકાલની જગ્યાએ માટી નાખી વહેણ બંધ થતાં ગામ વિસ્તારમાં આજુબાજુના રહેણાંક મકાનોમાં પાણી ઘુસ્યા બાજુના ખેતરમાં ખેતરોમાં ધોવાણ થયુછે ચોમાસા પહેલા આજુબાજુના સ્થાનિકો તથા ખેડૂતોએ મામલતદાર કચેરી ખાતે રજૂઆત કરી હતી દાવા અરજી કરી હતી જે બાબતે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામા આવી હતી છતાં પાણીના નિકાલનો પ્રશ્ન હલ થયો ન હતો જે બાબતે ટીડીઓ મામલતદાર પીઆઈ તલાટી કમ મંત્રી સહિતની ઉપસ્થિતિમાં પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થા માટે જેસીબી મશીન દ્વારા પાણીના નિકાલનો ઉંચો પાળો દુર કરી પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થા કરી હતી જ્યારે આગળના રસ્તામાં પણ માટી ભરેલ હોય જયાથી પણ પાણીનો પુરતો નિકાલ થઈ શકે તેમ ન હોય જે બાબતે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય ગામના મુખ્ય પાણીનો નિકાલ બંધ થતાં હાલાકી સર્જાયછે જેથી ગામતળમાં સ્થાનિક રહેવાસીઓના ઘરમાં પાણી ઘુસ્યા હતા આજુબાજુના ખેતરોમાં ધોવાણ થતાં ખેતરોમાં નુકસાની થવા પામી છે.

હાલ પુરતી તંત્ર દ્વારા પાણીના નિકાલની વૈકલ્પિક વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવીછે પરંતુ થોડા દિવસો પછી ફરીથી એ જ પરિસ્થિતિનુ નિર્માણ થશે ત્યારે તંત્ર દ્વારા શુ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તે જોવાનું રહ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે પાણીના નિકાલ જે બંધ થયોછે તે સંપૂર્ણ દુર કરવામાં આવે તો જ કાયમી પ્રશ્ન હલ થઈ શકે તેમછે જો આવુ નહી થાય તો ગામના બસ સ્ટેન્ડ આજુબાજુની દુકાનો ગૌશાળા પ્રાથમિક શાળા તથા આજુબાજુના સ્થાનિકો તથા આજુબાજુના વિસ્તારોના ખેડુતોને હાલાકી ભોગવવાની રહેશે ત્યારે કાયમી પાણીના નિકાલનો પ્રશ્ન હલ થાય તેવી સ્થાનિકોની માંગણી છે.

# ગીર સોમનાથમાં વરસાદે વિરામ લીધા બાદ દરિયામાં ભારે કરંટ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા .૩

ગીર સોમનાથ જિલ્લામાં બે દિવસથી સતત પડી રહેલા ભારે વરસાદે ગઈકાલે વિરામ લીધો છે ત્યારે ગીર સોમનાથના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો મૂળ દ્વારકાના દરિયામાં ભારે પવન સાથે ૧૦ ફૂટ જેટલા ઊંચા મોજા ઉછળ્યા.

ગીર સોમનાથ આદ્રીથી લઈ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ સુધીના દરિયા કિનારે ભારે પવન સાથે ૮ થી ૧૦ ફૂટ ઊંચા મોજાઓ ઉછળી રહ્યા છે. અરબી સમુદ્રમાં કરંટ જોવા મળતા માછીમારોને પણ દરિયામાં ન જવા ચેતવણી આપવામાં આવી છે. ભારે પવન



સાથે મૂળ દ્વારકાના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો સાથે સાથ કોડીનારના મૂળ દ્વારકા સુત્રાપાડા બંદર, ધામળેજ બંદર, માઢવાડ અને કોટડા બંદર સહિતના કાંઠા વિસ્તારમાં દરિયામાં મોજા ઉછળ્યાં હતા. દરિયો ગાંડોતૂર થતા યાત્રિકોની સલામતીને ધ્યાને લઈને દરિયા કાઠે ન જવા સૂચના અપાઈ છે. સહેલાણીઓને દરિયામાં ન્હાવાની સખત મનાઈ કરાઈ છે.

મૂળદ્વારકાનો દરિયો આમ તોર પર સામાન્ય જોવા મળે છે માટે અહીં સહેલાણીઓ દરિયાનો આનંદ માણવા આવે છે, પણ જે પ્રમાણે દરિયાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલું છે તે જોઈ અને ફરવા આવેલા સહેલાણીઓ પણ દૂરથી દરિયાનો રૌદ્ર સ્વરૂપમાં નજારો જોઈ સલામતી સાથે પરત ફરે છે.

# ઉના : ચાઈલ્ડ વેલ્ફર કમિટીની રિવ્યૂ બેઠક કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૩



ગીર સોમનાથ જિલ્લા કલેકટર જાડેજાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના મિટિંગ રૂમમાં તા.૨/૭/૨૦૨૪ને મંગળવારે યોજાઈ હતી. ચાઈલ્ડ વેલ્ફેર કમિટી જે જે એકટ ૨૦૧૫ કલમ ૨૭ મુજબ જિલ્લા બાળ કલ્યાણ સમિતિ કામ કરે છે. રાજ્ય સરકારે ઓફેશિયલ રાજપત્રમાં જાહેરનામા દ્વારા દરેક જિલ્લા માટે એક અથવા એકથી વધુ બાળ કલ્યાણ સમિતિઓ બાળકોના આ અધિનિયમ હેઠળ સંભાળ અને રક્ષણ ની આવશ્યકતા વાળા બાળકો ના [redacted] કરવામાં અ [redacted] ઉપયોગ કર [redacted] કરવા માટે [redacted] હોય છે. આ રિવ્યૂ મિટિંગમાં કલેકટરે ભારપૂર્વક અધિકારીઓ અને કર્મચારીઓને સુચનાઓ આપી અને આ જિલ્લાના વધુમાં વધુ જરૂરિયાતમંદ બાળકો આ સરકારની યોજનાઓનો લાભ લઈ શકે. જિલ્લામાં મંજૂર થયેલ ચિલ્ડ્રન હોમ ફોર બોઈસનં કામ [redacted] હરિભાઈ વાળા, હિતેશભાઈ દુધાત, રસિકભાઈ ચાવડા તેમજ બાળ સુરક્ષા અધિકારી પ્રિયંકાબેન પરમાર, માર્ગ મકાન વિભાગના અધિકારીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, પોલીસ વિભાગના અધિકારીઓ, [redacted]

# ધારાસભ્ય પબુભા માણેક નાં ૬૯ માં જન્મ દિવસે ૫ લાખ વૃક્ષો વાવીને ઉછેરવાના સંકલપનો શુભારંભ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

ઓખા નગરપાલિકા હાઈસ્કૂલ ખાતે ૬૯ રોપાનું વૃક્ષારોપણ [redacted]

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે મહિલા રોકડ પુરસ્કાર આપવામાં આવશે

જૂનાગઢ, તા. ૩

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે મહિલા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. ચાલુ વર્ષે મહિલા રોકડ પુરસ્કાર માટે વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અં-૧૪, અં-૧૭, અં-૧૯ અને સ્કૂલ ગેઈમ્સ ફેડેરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ મહિલા ખેલાડીઓને કોઈ પણ એક જ રમતમાં તેજમ એક જ સિદ્ધી માટે "મહિલા રોકડ પુરસ્કાર યોજના'' અંતર્ગત રોકડ પુરસ્કાર આપવામાં આવશે. અરજી કરવા માટે **https:// sports authority. gujarat. in/cash-awaed-woman-player** વેબસાઈટ પર પહેલા પ્લેયર રજીસ્ટર થઈ ત્યાર બાદ લોગ ઈન કરી ફોર્મ ભરી જરૂરી પ્રમાણપત્રો (મેરીટ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, કેન્સલ ચેક વગેરા સહિ સીક્કા કરાવી) તા. ૧૨ જુલાઈ સુધીમાં જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે મોકલી આપવાના રહેશે.

# ઉના પોલીસે ખોવાયેલો મોબાઈલ શોધી માલિકને પરત અપાવ્યો



ઉના તા. ૩ : ઊના પોલીસ સ્ટેશનમાં રૂા.૧૩,૯૯૯/ની કિંમતનો મોબાઈલ ફોન ખોવાઈ ગયાની લેખીત અરજી આવેલ હતી. જેથી પો. ઈન્સ્પેકટર રાણાની સૂચનાથી ટાઉન એ.એસ.આઈ. જગદીશભાઈ વાઘેલા અને એ.એસ.પી. કચેરીમાં ફરજ બજાવતા પો.હેડ [redacted]

# જૂનાગઢની આયુર્વેદ કોલેજનાં પ્રોફેસર પાસેથી છેતરપીંડી કરી રૂા. ૧૪ લાખ પડાવનાર બે ઝડપાયા

## ડ્રગ્સના પાર્સલમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ થયો છે તેમ કહીને ઘરમાં ગોંધી રાખી પૈસા પડવ્યા : આઈફોન સહીત ૩ મોબાઈલ કબ્જે કરાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

દરરોજ છેતરપીંડીનાં અનેક કિસ્સાઓ બહાર આવે છે. અભણ લોકો તો ઠીક પરંતુ શિક્ષીત લોકો પણ ફ્રોડનો ભોગ બને છે. વડોદરાનાં એક મહીલા સહીત બે વ્યકિતઓએ જૂનાગઢનાં પ્રોફેસર સાથે છેતરપીંડી કરી રૂા. ૧૪ લાખ પડાવી લીધાનો બનાવ બનતા શહેરભરમાં ચકચાર ચી જવા પામી છે.

પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢની સરકારી આયુર્વેદ કોલેજમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતા મૂળ પશ્ચિમ બંગાળના વતની અમિતાભ અનાથ માપદારને થોડા દિવસો પૂર્વે અજાણ્યા શખ્સોએ કસ્ટમ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી મુંબઈથી તાઈવાન મોકલવામાં આવેલા પાર્સલમાં ડ્રગ્સ મળ્યું છે, જેમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ થયો છે અને આપને ૯૦ દિવસની જેલ થવાની છે એમ કહીને ડરાવ્યા બાદ સ્કાઈપી એપ ડાઉનલોડ કરાવી ૬ દિવસ સુધી કેમેરા સામે ઓનલાઈન વિડીયો ચાલુ રાખી દંપતીને તેમના ઘરમાં ગોંધી રાખ્યા હતા. બાદમાં ખોટા કેસમાં ફસાવી દેવાનું કહી તેમના બેંક એકાઉન્ટમાંથી રૂા. ૧૪.૧૮ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેવા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવતાં બનાવની ગંભીરતા જોઈ જૂનાગઢ સાયબર પોલીસે તમામ તાકાત લગાવીને વડોદરાની એક મહિલા અને એક પુરૂષની ધરપકડ કરી કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. બનાવની વિગતો મુજબ થોડા દિવસો પૂર્વે શહેરની સરકારી આયુર્વેદ કોલેજમાં ફરજ બજાવતા કર્મચારી અમિતાભ અનાથ માપદારને એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવ્યો હતો. જેમાં જાણે વ્યક્તિએ હિન્દી ભાષામાં વાત કરતા તેમને કહ્યું હતું કે પોતે કસ્ટમ ઓફિસર છે અને તેઓએ મુંબઈથી તાઈવાન જે પાર્સલ મોકલ્યું છે તેમાં ક્રેડિટ કાર્ડ, ૩૫ હજાર રૂપિયા રોકડા, કપડા અને ડ્રગ્સ અમારી તપાસમાં મળી આવ્યું છે. જેમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ થયેલો છે. આથી કોલેજ કર્મચારી ગભરાઈ ગયા હતા. જે બાદ ફોન કરનાર વ્યક્તિએ તેમનો મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સાથે સંપર્ક કરાવી આપું છું તેમ કહી અન્ય વ્યક્તિ સાથે વાત કરાવી હતી. જે વ્યક્તિએ પણ તેમને જ્યાં સુધી તપાસ ચાલુ છે ત્યાં સુધી તમારે તથા તમારા ફેમિલી એ વીડિયો કોલમાં ઓનલાઈન રહેવું પડશે. તેમ કહી સ્કાઈપી એપ ડાઉનલોડ કરાવી સતત તેમને ૬ દિવસ કેમેરા સામે ઓનલાઈન રાખી કેસમાં ફસાવી દેવાનો ડર બતાવી ગોંધી રાખ્યા હતા. જે બાદ અજાણ્યા વ્યક્તિઓએ જૂનાગઢના દંપતીને આધાર કાર્ડ બતાવી તેનો ઉપયોગ કર્ણાટક અને ગોવામાં થયો છે.

જેના આધારે બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે અને ગેરકાયદેસર રીતે વિદેશમાં રૂપિયા મોકલ્યા છે. તમે કેસમાં સામે જો તેવા પુરાવા મળ્યા છે. તમને ૯૦ દિવસ જેલમાં રહેવું પડશે તેમ કહી ડરાવ્યા હતાં અને તેમની પાસેથી ૧૪.૧૮ લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. જેથી તેઓએ પરિવારના સભ્યોને જાણ કરતા તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેઓએ જૂનાગઢ રેન્જ સાયબર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના સમયમાં જ વડોદરામાં અહેમદ પાર્ક, રામપાર્ક સોસાયટી, આજવા રોડ વિસ્તારમાં રહેતો ફૈયાઝ અસગર રાજકોટવાલા અને શ્રીકુંજ ગ્રીન સોસાયટી, લક્ષ્મીપુરા, ન્યુ અલકાપુરી વડોદરાની રચના વિહંગભાઈ ગાંધીને ઝડપી લઈ વધુ તપાસ માટે બંનેને ૨ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવવામાં આવેલ છે. આરોપી ફૈયાઝ અને રચના પાસેથી પોલીસે જુદા જુદા બે આઈએમઈઆઈ નંબર ધરાવતા આઈ ફોન સહિત ત્રણ મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યા છે. આ મોબાઈલના નંબર વગેરે મુદ્દે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. લેક્ચરર અમિતાભ અનાથ માપદાર સાથેની નાણાકીય છેતરપિંડી આચરવા માટે ફૈયાઝ રાજકોટવાલા અને રચના ગાંધીએ યસ બેંક, ઈન્ડુસિન્ડ બેંક ખાતાનો ઉપયોગ કર્યો હતો. આ બેંક એકાઉન્ટ વિરૂધ્ધ નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપર કુલ ૧૧૮ જેટલી ફરિયાદ નોંધાવી હોવાનું પોલીસ તપાસ દરમ્યાન માલુમ પડ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં અષાઢી બીજે જગન્નાથજી રથયાત્રાાની તડામાર તૈયારી

## મંદિરને રોશનીનો શણગાર, રથયાત્રામાં ફલોટ અને રાસ મંડળીઓ જોડાશે, ત્રિદિવસીય કાર્યક્રમને અંતિમ ઓપની કામગીરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં અષાઢીબીજ નિમિત્તે ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ જગન્નાથજી મંદિર ખાતે તા.૫ થી ૭ જુલાઈ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસના મહોત્સવ નિમિત્તે મંદિર ખાતે રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. મહોત્સવની તૈયારીને અંતિમ ઓપ આપવા જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના સભ્યોની બેઠક યોજાઈ હતી. આ મિટિંગમાં અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ યોજાનાર ભજન સંધ્યા,



રવિવારે સવારે ભગવાનનું શાહી સ્નાન, મહા આરતી, ભગવાનના શણગાર, રથયાત્રા પ્રસ્થાન, રથયાત્રામાં વિવિધ સંસ્થાઓના ફલોટ, રાસ મંડળીઓ પણ જોડાશે રથયાત્રાના પ્રસ્થાન પૂર્વે મહાનુભવોના હસ્તે પહીંદ વિધિ તેમજ રૂટ ઉપર ભાવિકોને પ્રસાદ વિતરણ સહિતના વિવિધ મુદ્દે ચર્ચા કરી મંદિર ખાતે થનારા કાર્યક્રમો અંગે તૈયારીઓને અંતિમ ઓપ આપવા કામગીરી હાથ ધરવામાં આવી છે. આ બેઠકમાં જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના ઉપપ્રમુખ બિપિન ભાઈ ભટ્ટી, શૈલેષભાઈ પારેખ મંત્રી નવનીત ભાઈ શાહ, જયેશભાઈ કુબાવતે, ખજાનચી રાજેન્દ્ર ચુડાસમા, વિરેનભાઈ શાહ, વિજયભાઈ ચુડાસમા સહીતનાં ઉપસ્થિત રહ્યાં હતા.

# જૂનાગઢના ઝાંઝરડા ચોકડીએ સાપ નિકળતા લોકોમાં દોડધામ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદના કારણે પાણીના પ્રવાહમાં અનેક જીવજંતુઓ તણાઈને આવી જતા હોય છે. થોડા સમય પહેલા જ દામોદર કુંડમાં બે મગર આવી ચઢી હતી. દરમ્યાન મંગળવારે ઝાંઝરડા ચોકડી પાસે એક મહાકાય સાપે દેખા દેતા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. બાદમાં કોઈકે વન વિભાગને જાણ કરી હતી પરંતુ વન વિભાગમાંથી સર્પને પકડવા કોઈ આવ્યું ન હતું. ત્યારે ત્યાંથી પસાર થતા એક યુવકે સાપને પકડી પાડ્યો હતો જેના કારણે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# જૂનાગઢના મજેવડી ગેઈટ નજીક ૪૫૦૦ રોકડની ચીલ ઝડપ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં જૂની આરટીઓ ઓફિસ પાસે રહેતા કનુભાઈ શંકરભાઈ મકવાણાને મંગળવારની સવારે દોલતપરા વિસ્તારમાં કલર કામ કરવા જવાનું હોય જેથી ઘરેથી ચાલી મજેવડી દરવાજા ખાતે પહોંચી રીક્ષાની રાહ જોતા હતા. ત્યારે રીક્ષાનું ભાડું કાઢવા માટે પૈસા ખિસ્સામાંથી કાઢતાની સાથે અજાણ્યો શખ્સ હાથમાંથી રૂપિયા ૪,૫૦૦ની રોકડ છીનવીને નાસી ગયો હોવાની ફરિયાદ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.


પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


# મેંદરડા તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

મેંદરડા તાલુકા પંચાયતના પ્રમુખ સામે ૧૬માંથી ૧૫ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ થતા રાજકારણ ગરમાયું છે. મેંદરડા તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન છે અને પ્રમુખ તરીકે દયાબેન દિપકભાઈ મકવાણા કાર્યરત છે. જોકે ૧૩ ભાજપ અને ૨ કોંગ્રેસ સહિત સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ટીડીઓ સમક્ષ રજૂ કરી હતી. હવે બેઠકમાં નિર્ણય લેવાઈ શકે છે મંજુર થશે કે પછી ફરી ખેંચી લેવામાં આવે છે.

લોકસભાની ચૂંટણી બાદ માળીયાહાટીના તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસની થોડા દિવસ પહેલા જ દરખાસ્ત મુકવામાં આવી હતી. દરખાસ્ત મુકયાને બીજે દિવસે તે દરખાસ્ત પરત ખેંચી લઈ પ્રમુખને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે મેંદરડા તાલુકા પંચાયતમાં મુળ કોંગ્રેસમાંથી ચૂંટાયેલા અને ભાજપમાં ભળી ગયેલા પ્રમુખ દયાબેન દિપકભાઈ મકવાણા સામે તેમની સિવાયના ભાજપ, કોંગ્રેસ, અપક્ષ સહિતના તમામ સદસ્યોએ મળી તેમની કામગીરીથી અસંતોષ હોવાથી અવિશ્વાસનીદરખાસ્ત ટીડીઓ સમક્ષ રજુ કરી છે. હવે તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા આ અંગે મિટીંગ બોલાવવામાં આવશે કે કેમ ? તે એક સવાલ છે. ભાજપ શાસીત તાલુકા પંચાયતના પ્રમુખ સામે ભાજપ અને કોંગ્રેસના સભ્યોએ એક જુથ થઈ અવિશ્વાસની દરખાસ્ત મુકતા મેંદરડાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

# માળીયાના આંબલગઢ ગામે વૃધ્ધાને પુત્રએ કુહાડી મારી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

કળીયુગમાં કેવા બનાવ બને છે તેનો પ્રતિતિ કરતો કિસ્સો આંબલગઢ ગામે બનવા પામ્યો છે જેમાં પુત્રએ જ માતાને કુહાડી મારી દીધી હતી.


માળીયાહાટીના તાલુકાના આંબલગઢ ગામે રહેતા જયાબેન વીરાભાઈ મકવાણા(ઉ.વ.૬૫) અને પતિએ તેમની ખેતીની જમીનના ભાગ પાડી બંને દીકરાને આપી દીધી હતી અને જીવન નિર્વાહ માટે બંને પુત્ર પાસે નાણા લેવાનું નક્કી કર્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખી પાડોશમાં રહેતો નાનો પુત્ર જયસુખ અને તેની પત્ની ભાવનાએ ઘરની બહાર નીકળી જતા જયાબેન સાથે કરી હતી અને પુત્રવધુ ભાવનાએ તેના પતિ જયસુખને 'તારી માને કુહાડીથી માર' તેમ કહેતા જયસુખે તેની માતાને કુહાડીનો એક ઘા મારી ડાબા હાથમાં ઈજા કરતા વૃદ્ધાને ખંભાળિયા અને બાદમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસે વૃધ્ધાની ફરિયાદ લઈ પુત્ર અને પુત્રવધુ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ બનાવની વધુ તપાસ માળિયાના હેડ કોન્સ્ટેબલ પી.એસ. કરમટા ચલાવી રહ્યા છે.


ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)
ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨